# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 17-07-2026 I VOL : 12 I Issue : 122 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

સફળતા નસીબથી નહીં, સતત મહેનતથી મળે છે. જે હાર માનતો નથી, તે ક્યારેય હારતો નથી.


3




ઉભરાતી ગટર નગરપાલિકાની ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં પ્રચંડ રોષ

4



ભ્રષ્ટ વ્યવસ્થા સામે વિજ્ઞાનીનો જંગ: સોનમ વાંગચુક દિલ્હીની...

6



41 વર્ષની ઉંમરે ફરી દુલ્હન બનશે જેનિફર વિંગેટ, ફેન્સે પાઠવી

7



7 મિનિટમાં બાજી પલટી આર્જેન્ટિનાની ફાઈનલમાં એન્ટ્રી


## એક નજર...

### પર્પલ સાડીમાં ગોર્જિયસ લાગી રાય લક્ષ્મી



એક્ટ્રેસની આ તસવીરોએ સોશિયલ મીડિયા પર આગ લગાવી છે. આ તસવીરમાં અભિનેત્રી રાય લક્ષ્મી ખૂબ જ સુંદર લાગી રહી છે. રાય લક્ષ્મીની આ તસવીર સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ ચર્ચાઓ થવા લાગી. જે બાદ ફેન્સ અભિનેત્રીની સુંદરતાના વખાણ કરતા થાકતા નથી. જ્યારે રાય લક્ષ્મીએ પોતાની સુંદર તસવીરથી ચાહકોને ઘાયલ કર્યા હોય.

## NEWS TRACK

### ન્યૂઝીલેન્ડમાં 5.9ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ: દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીનું હાઈ એલર્ટ

ન્યૂઝીલેન્ડના દક્ષિણ દ્વીપ (સાઉથ આઈલેન્ડ) ના પશ્ચિમ કિનારે ગુરુવારે બપોરે 5.9ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના આંચકા એટલા તીવ્ર હતા કે તેના તુરંત બાદ પ્રશાસને તટીય વિસ્તારો માટે સુનામીનું એલર્ટ જાહેર કર્યું છે. અમેરિકી ભૂગર્ભ સર્વેક્ષણ (USGS) ના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તે અનાઉ શહેરથી આશરે 42 કિલોમીટર ઉત્તર-ઉત્તર પશ્ચિમમાં જમીનથી 76.4 કિલોમીટરની ઊંડાઈએ હતું. લોકોને તાત્કાલિક ઊંચા સ્થળોએ ખસી જવા અપીલ ભૂકંપ બાદ ન્યૂઝીલેન્ડની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ પ્રભાવિત વિસ્તારોના લોકોને તુરંત સુરક્ષિત સ્થાનો પર જવા આદેશ આપ્યો છે. એજન્સીએ સૂચના આપતા જણાવ્યું છે કે, 'અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકો કોઈપણ પ્રકારનો સમય બગાડ્યા વિના સુનામી સંભવિત વિસ્તારોમાંથી બહાર નીકળી જાય અને નજીકના ઊંચા સ્થળો અથવા મેદાની ભાગો તરફ જતા રહે.' જોકે, આ ભૂકંપના કારણે હજુ સુધી કોઈ મોટી જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા નથી.

### US ફેડની નવી ટીમમાં 3 ભારતીયો દિગ્ગજોને સ્થાન, જેમાં એક તો RBIના પૂર્વ ગવર્નર રહી ચૂક્યા છે

અમેરિકન ફેડરલ રિઝર્વ(Fed) દ્વારા નાણાકીય નીતિ(Monetary Policy)ની સમીક્ષા કરવા માટે પાંચ મુખ્ય ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે, જેમાં ભારતીય મૂળના 3 નિષ્ણાતોનો સમાવેશ કરાયો છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન, હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી અને માઈક્રોસોફ્ટના એક્ઝિક્યુટિવ આશા શર્માને આ ટાસ્ક ફોર્સમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. ફેડરલ રિઝર્વના નવા ચેરમેન કેવિન વાર્શે મોનેટરી પોલિસી બનાવવાના મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોની તપાસ માટે આ ટાસ્ક ફોર્સની રચના કરી છે. જેમાં કોમ્યુનિકેશન, બેલેન્સ શીટ પોલિસી, ડેટા, પ્રોડક્ટિવિટી એન્ડ જોબ્સ, તેમજ ઈન્ફ્લેશન ફ્રેમવર્ક જેવા વિષયો સામેલ છે. રઘુરામ રાજનને બેલેન્સ શીટ પોલિસી ટાસ્ક ફોર્સમાં સામેલ કરવામાં આવ્યા છે. આ પેનલમાં હાર્વર્ડના અર્થશાસ્ત્રી કરેન ડાયનન અને ફેડરલ રિઝર્વના પૂર્વ ગવર્નર જેરેમી સ્ટીન પણ સામેલ છે. આ ટાસ્ક ફોર્સ ફેડરલ રિઝર્વની વર્તમાન બેલેન્સ શીટ વ્યવસ્થાના ખર્ચ, લાભ અને સંસ્થાકીય અસરોની તપાસ કરશે.

# જય રણછોડ... માખણ ચોર...

# ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન



### દરિયાપુરમાં મુસ્લિમ સમાજે રથનું સ્વાગત કરી શાંતિના દૂત કબૂતર ઉડાડ્યા

અમદાવાદ

જગન્નાથપુરી બાદ દેશની સૌથી મોટી ભગવાન જગન્નાથજીની 149મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા આજે 16 જુલાઈ ગુરૂવારના રોજ અમદાવાદમાં નીકળી હતી. ભગવાનના ત્રણેય રથ દરિયાપુરથી પસાર થયા હતા. સવારે 4 વાગ્યે ભગવાન જગન્નાથની મંગળા આરતી થઈ, જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ પરિવાર સાથે હાજર રહ્યા હતા. મંગળા આરતી કર્યા બાદ ભગવાનને વિશિષ્ટ ખીચડાનો ભોગ ધરાવાયો હતો.

ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથમાં બિરાજમાન કરાયા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરંપરાગત 'પહિંદ' વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. 'નંદીઘોષ'માં બિરાજી ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા છે. સાથે 'દર્પદલન'માં બહેન સુભદ્રાજી અને 'તાલધ્વજ'માં ભાઈ બલભદ્રજી બિરાજમાન છે.

ભગવાન ભક્તોના દ્વારે પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં ભક્તો ભગવાનના દર્શન માટે ઉમટી પડ્યા છે, જ્યારે ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બલભદ્રનું સરસપુરમાં મામેરું ભરાયું હતું. જોકે, રથયાત્રા નિયત સમય કરતા બે કલાક મોડી ચાલી રહી છે. આ દરમિયાન શહેરમાં ઈમરજન્સી કેસ સામે આવતા 108 એમ્બ્યુલન્સ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી.

**હજારો ભક્તો "જય રણછોડ માખણચોર"ના નાદ સાથે દર્શનનો લાભ લીધો**

### માનવ મહેરામણ ઉમટ્યું

જગન્નાથજીના દર્શન કરવા અને પાવન પ્રસાદ મેળવવા માટે સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ અને આતુરતા જોવા મળી રહી છે. ભક્તોની અસાધારણ ભીડને નિયંત્રિત કરવા અને રથયાત્રા શાંતિપૂર્ણ રીતે પસાર થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત સાથે સમગ્ર રૂટ પર મજબૂત બેરિકેડિંગ કરવામાં આવ્યું છે.

## પુરીમાં જગન્નાથ રથયાત્રામાં નાસભાગ, એક શ્રદ્ધાળુનું મોત

પુરી

ઓડિશાના પુરીમાં જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ગુરુવારથી ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. જોકે, રથયાત્રાના પ્રથમ દિવસે જ ભક્તોની ભારે ભીડને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લાખો ભક્તોની હાજરી વચ્ચે થયેલી દોડધામમાં ગૂંગળામણના કારણે એક શ્રદ્ધાળુનું મોત નીપજ્યું છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે 12મી સદીના મુખ્ય મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા.

## 9મા ધોરણમાં ત્રીજી ભાષાનો બોજ ન નાખો: સુપ્રીમ કોર્ટ

### CBSEએ ધોરણ 9 થી થ્રી લેંગ્વેજ પોલિસી લાગુ ન કરવી જોઈએ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું કે CBSEએ ધોરણ 9 થી થ્રી લેંગ્વેજ પોલિસી લાગુ ન કરવી જોઈએ. ધોરણ 9 નો અભ્યાસ પહેલેથી જ મુશ્કેલ છે, આવી સ્થિતિમાં ત્રીજી ભાષાનો સમાવેશ કરવાની શું જરૂર છે? કોર્ટે કહ્યું કે તેનાથી વિદ્યાર્થીઓનો માનસિક તણાવ વધી શકે છે.

ભારત સરકારને કહો કે આવું ન કરે. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે કહ્યું કે ત્રીજી ભાષા ધોરણ 5 કે 6 માં જ શરૂ કરી દેવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓ તેની સાથે વધુ અસરકારક રીતે તાલમેલ બેસાડી શકે. બેન્ચ તમિલનાડુ સરકારની તે અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં મદ્રાસ હાઈકોર્ટના રાજ્યના દરેક જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય (JNV) બનાવવાની સૂચનાને પડકારવામાં આવી હતી.

તમિલનાડુ સરકાર JNV માં લાગુ થ્રી-લેંગ્વેજ પોલિસીના પક્ષમાં નથી. જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે ત્રીજી ભાષાનું શિક્ષણ 6ઠ્ઠા ધોરણમાં શરૂ કરવું જોઈએ અને 9મા ધોરણમાં તેને બંધ કરી દેવું જોઈએ. તેમણે કહ્યું કે ધોરણ 10ની બોર્ડ પરીક્ષાઓનું દબાણ ધોરણ 8થી જ શરૂ થઈ જાય છે.

## કોંગ્રેસનો PMને પત્ર, કહ્યું- સર્વપક્ષીય બેઠક બોલાવો

### ચોમાસુ સત્રમાં રામમંદિર દાન ચોરીનો મામલો ઉઠાવશે, સંશોધન બિલનો વિરોધ કરશે

નવી દિલ્હી

કોંગ્રેસ ચોમાસુ સત્રમાં રામ મંદિરમાં દાન ચોરી, પેટ્રોલિયમમાં ઈથેનોલ ભેળવવાના મુદ્દા ઉઠાવશે. આ ઉપરાંત, સરકારના સંશોધન બિલનો વિરોધ કરશે. આ નિર્ણય ગુરુવારે કોંગ્રેસની સંસદીય દળની બેઠકમાં લેવામાં આવ્યો હતો. મલ્લિકાર્જુન ખડગેએ 131મા બંધારણીય સુધારા બિલ એટલે કે સીમાંકન સંબંધિત બિલને લઈને પીએમ મોદીને પત્ર લખ્યો હતો. તેમાં સરકારના સુધારેલા પ્રસ્તાવો પર સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરવામાં આવી છે. આ બેઠક સોનિયા ગાંધીના નિવાસસ્થાને યોજાઈ હતી. જેમાં મલ્લિકાર્જુન ખડગે, શશિ થરૂર અને જયરામ રમેશ સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા. બેઠક બાદ કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જયરામ રમેશે કહ્યું, 'સંસદના આગામી ચોમાસુ સત્રમાં સરકાર જે મુખ્ય બિલો લાવવાની તૈયારી કરી રહી છે, તેનો પક્ષ સખત વિરોધ કરશે.' તેમણે વધુમાં કહ્યું- 'ઘણા મુદ્દાઓ એવા છે, જેને અમે ખાસ કરીને ઉઠાવીશું. જેમ કે દાન ચોરી અને વિશ્વાસઘાત. પ્રભુ શ્રીરામ મંદિરના સંબંધમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે.' 'અમે અયોધ્યામાં ભાજપ અને RSS દ્વારા રચાયેલા કૌભાંડનો મુદ્દો ચોક્કસ ઉઠાવીશું. NEET અને E20 કૌભાંડ જેવા ઘણા મુદ્દાઓ પણ છે, જેમાં ઘણા વરિષ્ઠ ભાજપ નેતાઓ અને તેમના પુત્રો સામેલ છે.

અમે 16 અને 17 એપ્રિલે વર્તમાન લોકસભામાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકોના અનામતના સંબંધમાં અમારું વલણ સ્પષ્ટ કરી દીધું હતું.

# કરજણ પંથકના ખેડૂતોના લોહી-પરસેવાના પૈસા ઓળવી જનાર 'સફેદપોશ' કોણ?

## પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલના કરોડોના કૌભાંડો અને કથિત ત્રાસની ચોંકાવનારી કહાની!

પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

### 1. ગંધારા શુગર મિલનું રૂ. 25 કરોડનું કૌભાંડ: શેરડી પણ લીધી, ખાંડ પણ વેચી, પણ ખેડૂતોને શું મળ્યું? માત્ર આંસુ!

કહેવાય છે કે સહકારી સંસ્થાઓ ખેડૂતોના કલ્યાણ માટે હોય છે, પરંતુ કરજણ તાલુકાની ગંધારા શુગર મિલમાં કંઈક ઊલટું જ જોવા મળ્યું. ગંધારા શુગર મિલના તત્કાલીન ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલ પર આરોપ છે કે તેમણે સત્તાના જોરે સુગર મિલમાં આશરે રૂ. ૨૫ કરોડનું તોતિંગ કૌભાંડ આચર્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અંદાજે ૨૫૦૦ જેટલા ભોળા ખેડૂતો પાસેથી રાત-દિવસની મહેનતથી પકવેલી શેરડી લઈ લેવામાં આવી હતી. આ શેરડીમાંથી ખાંડ બનાવીને બજારમાં તેમજ સરકારને વેચી પણ દેવાઈ, પરંતુ જ્યારે ગરીબ ખેડૂતોને તેમના હકના પૈસા ચૂકવવાનો સમય આવ્યો ત્યારે સતીશ પટેલે હાથ અધ્ધર કરી દીધા! પોતાના લોહી-પરસેવાના નાણાં મેળવવા ખેડૂતો આજે પણ દર-દર ભટકી રહ્યા છે.

### 2. કરજણ કોટન વિભાગમાં પણ ગેરરીતિ: કપાસ નાખવાની જગ્યાએ ખડકી દીધી ગેરકાયદે દુકાનો!

સતીશ પટેલની કથિત ગેરરીતિઓ અહીં જ નથી અટકતી. કરજણ કોટન પૂર્વ વિભાગના ચેરમેન તરીકે સતીશ પટેલે કાયદા કાનૂનને ખિસ્સામાં રાખીને મોટું કારસ્તાન કર્યું હોવાનો આરોપ છે. ખેડૂતો પોતાના કપાસનો પાક લાવીને સુરક્ષિત રીતે રાખી શકે તે માટે ફાળવવામાં આવેલી જગ્યા પર કપાસ નાખવાને બદલે સતીશ પટેલે ગેરકાયદેસર રીતે દુકાનોનું બાંધકામ કરાવી નાખ્યું! આ ગેરકાયદેસર દુકાનો ઊભી કરી તેનું બારોબાર વેચાણ કરીને કરોડો રૂપિયા ખિસ્સામાં સરકાવી લીધા હોવાની ગંભીર ચર્ચાએ જોર પકડ્યું છે. વધુમાં, એપીએમસી (APMC)માં ડાયરેક્ટર પદ પર હતા ત્યારે પણ અંદાજે રૂ. ૪૦૦ કરોડનું મસમોટું કૌભાંડ આચરાયું હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

### 3. પુત્ર ધ્રુવલ પટેલની સ્કૂલમાં ગેરકાયદે બાંધકામ: નગરપાલિકા પ્રમુખ ઇલાબા સાથે કથિત મિલીભગત?

સત્તાના નશામાં ચૂર આ પરિવારે કરજણ નગરપાલિકાના નિયમોને પણ ઘોળીને પીધા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સતીશ પટેલના પુત્ર ધ્રુવલ પટેલ કરજણ તાલુકામાં 'કરજણ પબ્લિક સ્કૂલ' ચલાવે છે. આ સ્કૂલના બિલ્ડિંગમાં મોટાપાયે ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવાની બૂમો ઉઠી હતી, જેને પગલે કરજણ નગરપાલિકા દ્વારા તેમને નોટિસ પણ ફટકારવામાં આવી હતી.

પરંતુ નવાઈની વાત એ છે કે નોટિસ આપ્યા બાદ કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી! અંદરખાને વહેતી ચર્ચા મુજબ, કરજણ નગરપાલિકાના પ્રમુખ ઈલાબા અને સતીશ પટેલ વચ્ચે ભારે મોટી મિલીભગત ચાલી રહી છે, જેના કારણે કાયદાકીય ફાઈલો દબાવી દેવામાં આવી છે અને કોઈ એક્શન લેવાતા નથી.

**મુખ્ય આરોપી (આક્ષેપિત): સતીશ પટેલ (પૂર્વ ધારાસભ્ય તથા પૂર્વ ચેરમેન)**

**પીડિતો: કરજણ અને આસપાસના હજારો જગતનો તાત (ખેડૂતો)**

### 4. પિનાકીન પટેલનો આપઘાત: સતીશ પટેલની પઠાણી ઉઘરાણી અને 'સુસાઇડ નોટ'નું રહસ્ય

આ કથિત કૌભાંડોની સૌથી કાળી અને હૃદયદ્રાવક બાજુ એ છે કે તેના લીધે એક નિર્દોષ ખેડૂતે પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. શુગર મિલ કૌભાંડ દરમિયાન પિનાકીન પટેલ નામના એક સ્થાનિક ખેડૂતના લાખો રૂપિયા ફસાઈ ગયા હતા. આર્થિક ભીંસમાં આવી ગયેલા પિનાકીન પટેલને પૈસાની સખત જરૂર પડતાં તેમણે સતીશ પટેલ પાસેથી વ્યાજે નાણાં લીધા હતા.

એક તરફ શુગર મિલના પોતાના હકના પૈસા ડૂબી ગયા અને બીજી તરફ સતીશ પટેલે વ્યાજના નાણાં વસૂલવા માટે પઠાણી ઉઘરાણી શરૂ કરી દીધી. આ માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળીને આખરે પિનાકીન પટેલે મોતનો ટૂંકો રસ્તો અપનાવ્યો.

આપઘાત કરતા પહેલાં તેમણે એક સુસાઇડ નોટ લખી હતી, જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો કે, 'હું સતીશ પટેલના ત્રાસ અને પઠાણી ઉઘરાણીના કારણે આત્મહત્યા કરું છું.' તે સમયે આ સુસાઇડ નોટ સોશિયલ મીડિયા અને મીડિયામાં ભારે વાયરલ થઈ હતી. પરંતુ દુઃખની વાત એ છે કે ત્યારે સતીશ પટેલ સત્તાધારી પક્ષના ચાલુ ધારાસભ્ય હતા. સત્તા અને પાવરના જોરે આ મામલાને દબાવી દેવામાં આવ્યો અને પીડિત પરિવારને ન્યાયના નામે મીંડું મળ્યું!

### 5. જગતનો તાત બરબાદ: કપાસના ખેડૂતોની હાલત પણ કફોડી

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો અનુસાર, સતીશ પટેલના ખેડૂત વિરોધી વલણને કારણે કરજણ તાલુકાના સેંકડો ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. જે ખેડૂતો અગાઉ શેરડીની ખેતી કરીને ગર્વભેર પોતાનું ગુજરાન ચલાવતા હતા, તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે. હવે સ્થિતિ એવી સર્જાઈ છે કે કરજણના કપાસ પકવતા ખેડૂતો પણ ભારે આર્થિક સંકટમાં મુકાયા છે.

સ્થાનિકોમાં ભારે આક્રોશ છે કે જો આવા સત્તા ભૂખ્યા અને ખેડૂત વિરોધી નેતાઓ સામે તાત્કાલિક કડક કાનૂની પગલાં ભરીને જેલના સળિયા પાછળ ધકેલવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં કરજણના દેવાદાર ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બનશે તો નવાઈ નહીં!

શું ગુજરાત સરકાર આવા 'સફેદપોશ' માફિયા અને પૂર્વ ધારાસભ્યના કૌભાંડોની તટસ્થ તપાસ કરાવીને પીડિત ખેડૂતોને ન્યાય અપાવશે? કે પછી સત્તા અને પૈસાના જોરે આ કાળો કારોબાર આમ જ ચાલતો રહેશે? એ તો હવે આવનારો સમય જ બતાવશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## મેડિકલ લાયસન્સની આડમાં ડ્રગ્સનું નેટવર્ક! વાવ-થરાદમાંથી 6.89 કરોડની નશાકારક ગોળીઓ સાથે બે ઝડપાયા

**વાવ-થરાદ**

બનાસકાંઠાની એસ.ઓ.જી અને વાવ-થરાદ પોલીસે બે અલગ-અલગ જગ્યાએ સફળ રેઈડ કરીને કુલ 8,060 નંગ પ્રતિબંધિત નશાકારક ગોળીઓ ઝડપી પાડી છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં આ જથ્થાની કુલ કિંમત રૂ. 6,89,77,600 આંકવામાં આવી છે. આ મામલે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ઓ.જીની ટીમે થરાદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વિજય બિઝનેસ કોમ્પ્લેક્ષની પાછળ આવેલા માધવ કોમ્પ્લેક્સના પ્રથમ માળે, દુકાન નં. 12 માં દરોડો પાડ્યો હતો. જે દરમિયાન વગર પાસ-પરમિટની, કાયદાથી પ્રતિબંધિત એવી એન.એક્સ.આર ટર્માડોલ હાઈડ્રોક્લોરાઈડ પેરાસીટામોલ (37.5 mg)ની કુલ 7,400 નંગ ગોળીઓ (કિંમત રૂ. 6,87,13,600) તથા અન્ય સામાન મળી કુલ રૂ. 6,87,23,600 નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. અને મફાભાઈ નાગજીભાઈ રબારીની ધરપકડ કરી છે. પકડાયેલા મુખ્ય આરોપી મફાભાઈ રબારીની સઘન પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો.

## લિફ્ટ આપવી ભારે પડી : લાઠીમાં પુત્રીને મળવા જતાં વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી મહિલા અને તેના સાગરીતોએ આચર્યો ખેલ!

**અમરેલી**

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં લિફ્ટ આપવાના બહાને એક વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી તેમનું અપહરણ કરી ખંડણી પડાવવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભુરખીયા હનુમાનજી મંદિર નજીક બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ભોગ બનનાર વૃદ્ધે આ મામલે લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી વિગત મુજબ, લાઠી તાલુકાના રાદલના દડવા ગામના વતની વિઠ્ઠલભાઈ ટાઢાણી પોતાની દીકરીને મળવા માટે મોટરસાયકલ લઈને દામનગર જવા નીકળ્યા હતા. દરમિયાન લાઠીના ભવાની સર્કલ પાસેથી પસાર થતી વખતે એક અજાણી મહિલાએ હાથ ઊંચો કરી ભુરખીયા ગામ સુધી જવા માટે લિફ્ટ માંગી હતી. વિઠ્ઠલભાઈએ માનવતા દાખવીને તે મહિલાને પોતાના મોટરસાયકલ પર પાછળ બેસાડી દીધી હતી.

મોટરસાયકલ જ્યારે ભુરખીયા ગામના ગેટ પાસે પહોંચ્યું, ત્યારે મહિલાએ મોટરસાયકલ ઊભી રખાવી હતી.

તેણે જણાવ્યું કે તેને તળાવ પાસે ફોટા પાડવા છે, જેથી વિઠ્ઠલભાઈએ ત્યાં બાઈક ઊભું રાખ્યું હતું. વિઠ્ઠલભાઈ કંઈ સમજે તે પહેલાં જ ત્યાં અચાનક એક કાર આવીને ઊભી રહી હતી, જેમાંથી 4 જેટલા શખ્સો નીચે ઉતર્યા હતા. આ ચાર અજાણ્યા શખ્સોએ આવીને વિઠ્ઠલભાઈને ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું, 'તેં કેમ આ બહેનને મોટરસાયકલ પર બેસાડી છે?' તેમ કહી વિઠ્ઠલભાઈને પરાણે પોતાની કારમાં બેસાડી દીધા હતા અને તેમનું અપહરણ કરી ગયા હતા.

## અષાઢી બીજે અમરેલીના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ: લીલીયામાં ધસમસતા પાણીના પ્રવાહમાં તણાતા બાઈક ચાલકનું મોત

**અમદાવાદ**

ગુજરાતભરના છૂટાછવાયા સ્થળોએ હવામાન વિભાગે વરસાદીની આગાહી વચ્ચે રાજ્યમાં ફરી વરસાદી માહોલ સક્રિય થયો છે. ગુરુવારે(16 જુલાઈ) અષાઢી બીજના દિવસે અમરેલીના જાફરાબાદ, રાજુલા, લાઠી સહિતના પંથકમાં હળવાથી ભારે વરસાદ ખાબક્યો છે.

અમરેલી જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવતાં અનેક તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં અમરેલી શહેરમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. 16 જુલાઈએ સવારથી ભારે બફારા બાદ વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. જ્યારે જાફરાબાદના કોસ્ટલ બેલ્ટ વિસ્તારના નાગેશ્રી, મીઠાપુર, દુધાળા, હેમાળ, ભૂંડણી સહિતના ગામોમાં વરસાદ વરસ્યો છે. સારો એવો વરસાદ થતાં ખેડૂતોમાં હરખ છવાયો છે.

બીજી તરફ, લાઠીના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમીધારે વરસાદ થયો છે. જેમાં લાઠીના ચાંવડ હાઈવે, આંબરડી ગામ સહિતના વિસ્તારોમાં વરસાદ થતાં લોકોને ગરમીથી રાહત મળી છે. જ્યારે રાજુલા પંથકમાં થોડા દિવસના વિરામ બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે, ત્યારે રાજુલાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે.

## વિરાર-ભરૂચ મેમુમાં લોકલ ભાડું લાગુ કરવા અને ટ્રેનને ડભોઈ/કરજણ સુધી લંબાવવાની માગ

**વડોદરા**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (GM), મુંબઈને ડીઆરયુસીસી (DRUCC) વડોદરા ડિવિઝનના સભ્ય તેમજ વેસ્ટર્ન રેલવે પેસેન્જર એન્ડ પાસ હોલ્ડર વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ મોહમ્મદ હબીબ લોખંડવાલાએ ટ્રેન નંબર 19101 વિરાર-ભરૂચ મેમુ ટ્રેનમાં મેલ/એક્સપ્રેસના બદલે સામાન્ય લોકલ ભાડું લાગુ કરવા અને ટ્રેનને ભરૂચથી આગળ કરજણ અથવા ડભોઈ સુધી લંબાવવાની માગ સાથે રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ટ્રેન નંબર 19101 મૂળભૂત રીતે લોકલ મેમુ સેવા છે, જે દરરોજ સવારે 4:35 કલાકે વિરારથી ઉપડી 11:10 કલાકે ભરૂચ પહોંચે છે. કોરોના લોકડાઉન દરમિયાન વિશેષ પરિસ્થિતિમાં અનેક લોકલ ટ્રેનોમાં મેલ/એક્સપ્રેસનું ભાડું લાગુ કરવામાં આવ્યું હતું, જેને બાદમાં જનહિતમાં ફરી સામાન્ય લોકલ ભાડામાં ફેરવવામાં આવ્યું હતું. જોકે, વિરાર-ભરૂચ મેમુમાં આજે પણ મુસાફરો પાસેથી મેલ/એક્સપ્રેસનું વધુ ભાડું વસૂલવામાં આવી રહ્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. મોહમ્મદ હબીબ લોખંડવાલાએ જણાવ્યું છે કે આ રૂટ પર રોજ હજારો દૈનિક મુસાફરો, એમએસટી (MST) ધારકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને સામાન્ય મુસાફરો અવરજવર કરે છે.

### ખાખીના ઓથા હેઠળ કરજણમાં ચાલતું અંધેર નગરી ગંડુ રાજા જેવું તંત્ર

# SP-PIની લાજ બચાવવા SMCની રેડ પહેલાં જ લોકેશન લીક કરવાનું LCBનું પાપ છતું થયું!

### એલસીબી પીઆઈના વહીવટદાર 'ભુપત રબારી' અને જેલ રિટર્ન બુટલેગર 'હનુભા કામડિયા'એ આખા કરજણ તાલુકાને જુગાર-દારૂના અડ્ડામાં ફેરવ્યો; વહીવટો અને હપ્તાખોરી પાછળ આવનારી વિધાનસભા ચૂંટણીમાં બીજેપી સરકારને પાડવાનું મોટું રાજકીય કાવતરું હોવાનો 'પાક્કો ગુજરાત'નો મહાવિસ્ફોટ




**અમદાવાદ**

ગુજરાત સરકાર ભલે રાજ્યમાં કડક દારૂબંધીના ગગનભેદી ઢોલ પીટતી હોય અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ભલે દારૂ-ડ્રગ્સ મુક્ત ગુજરાતની મોટી-મોટી ગુલબાંગો હાંકતા હોય, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી 'પાક્કો ગુજરાત'ના હાથ લાગેલા પુરાવાઓએ ગાંધીનગર પ્રશાસનના ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવાઓની ધજાગરા ઉડાવી દીધી છે. કરજણમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ બચ્યું જ નથી, આખો તાલુકો જાણે બુટલેગરો અને જુગારીઓ માટે પોલીસ પ્રોટેક્શન સાથેનું 'સેફ હેવન' બની ગયું છે. કરજણ પોલીસ મથકની નાકની નીચે જ અબજો રૂપિયાનું ગેરકાયદેસર નેટવર્ક ધમધમી રહ્યું છે. સૌથી શરમનાક બાબત એ છે કે આ આખા કાળા સામ્રાજ્યની કથિત કમાન સંભાળનારો બીજો કોઈ નહીં, પરંતુ ખુદ પોલીસનો જ એક માનીતો વહીવટદાર હનુભા કામડિયા ઉર્ફે હનુ બુટલેગર છે. આ એ જ હનુભા છે જે અગાઉ દારૂના જ કેસમાં જેલની હવા ખાઈ ચૂક્યો છે અને ખાખીને કલંકિત કરવા બદલ સસ્પેન્ડ થઈ ચૂક્યો છે. આવા રીઢા ગુનેગારે આજે આખા કરજણ તાલુકાની પોલીસને કથિત રીતે પોતાના ખિસ્સામાં રાખી છે.

### PIના કમાઉ દીકરા: ભુપત રબારી અને હનુભાનું આતંક અને લાખોનું હપ્તા રાજ!

સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી અને સનસનીભરી માહિતી મુજબ, વડોદરા એલસીબી પીઆઈના ખાસ મોહરા અને 'કમાઉ દીકરા' તરીકે ઓળખાતો ભુપતભાઈ રબારી (ડભોઈ બીટ) અને સસ્પેન્ડેડ બુટલેગર હનુભા કામડિયા આ આખા હપ્તાખોરીના ખેલના મુખ્ય સૂત્રધારો છે. આ વહીવટદારો કરજણ તાલુકા સહિત સમગ્ર વડોદરા જિલ્લાના બુટલેગરો, જુગારના અડ્ડાઓ અને ગેરકાયદેસર ધંધાવાળાઓ પાસેથી મસમોટો લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને પીઆઈ સાહેબની તિજોરીઓ ભરવાનું મોટું નેટવર્ક ચલાવી રહ્યા છે. આ વહીવટદારો અને પોલીસની મિલીભગતને કારણે જ આખા જિલ્લામાં બુટલેગરો બેફામ બન્યા છે અને સ્થાનિક પોલીસ પણ આ અડ્ડાઓ પર રેડ કરવાની હિંમત કરી શકતી નથી, કારણ કે આ ભ્રષ્ટ ત્રિપુટીની ઉપર સુધી સાંઠગાંઠ હોવાની ચર્ચા છે!

### લોકેશન સાથે ખુલ્લો પર્દાફાશ: અહીં ચાલે છે મોતનો અને સટ્ટાનો ખુલ્લો વેપાર

કરોડોના હપ્તાના જોરે કરજણ પોલીસ મથકથી માત્ર ૨ કિલોમીટર દૂર આવેલા કરમડી ગામમાં અંદાજે ૧૫થી વધુ દેશી દારૂની ભઠ્ઠીઓ કોઈ પણ ડર વગર ચાલી રહી છે, જ્યાં કેમિકલયુક્ત ઝેરી દેશી દારૂ ગળાય છે જે ગમે ત્યારે લઠ્ઠાકાંડ સર્જી શકે છે. આ ઉપરાંત:

કુલારી ગામ: નવી નગરી પાણીની ટાંકી પાસે નગીન નામનો બુટલેગર કોઈના બાપની બીક વગર જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે.

સાપા ગામ: નવી વસાહતમાં પણ આ વરલી મટકાનો સટ્ટો ગરમાગરમ ચાલે છે અને યુવાધન બરબાદ થઈ રહ્યું છે.

સીમડીથી રાણપુર રોડ: રાણપુર ગામનો સરપંચ અને બીજેપી યુવા મોરચાનો પ્રમુખ પાર્થ શાહ પોતે આખા કરજણ તાલુકામાં વિદેશી દારૂનો મોટો ધંધો ચલાવતો હોવાના અને આ રસ્તે દારૂનો જંગી જથ્થો છુપાવ્યો હોવાના પાકા પુરાવા મળ્યા છે.

કંડારી ગામ: ટાવર પાસે અમિત વસાવા નામનો બુટલેગર અંગ્રેજી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરે છે.

બારીયાવાસ વિસ્તાર: પરેશ ચુનાવાડા નામનો શખ્સ જાહેરમાં ઈંગ્લિશ દારૂ વેચી રહ્યો છે.

### SMCની રેડ પહેલા લોકેશન લીક કરવાનો ઘાતક ખેલ: સાહેબો જ બુટલેગરોના રક્ષક!

આ આખા રેકેટનો સૌથી મોટો અને ઘાતક વિસ્ફોટ એ છે કે જ્યારે કોઈ જાગૃત નાગરિક સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) માં આ અડ્ડાઓની ઓનલાઈન ફરિયાદ કરે છે, ત્યારે ગાંધીનગરથી રેડ પડે તે પહેલા જ વડોદરા એલસીબીના કેટલાક કથિત ભ્રષ્ટ કર્મીઓ (જેમાં એસએમસીના જ એક કોન્સ્ટેબલે વડોદરા એલસીબી પીઆઈને બાતમી આપી હોવાની ચર્ચા છે) વહીવટદારને અને કરજણ પોલીસને વોટ્સએપ પર લોકેશન શેર કરીને કહી દે છે કે 'ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!'.

વડોદરા એલસીબી પીઆઈ અને કરજણ પોલીસ સ્ટેશનના પીઆઈ પટેલના વહીવટદારોએ આખા બરોડા જીલ્લાને બુટલેગરોને વેચી દીધો હોય તેવી સ્થિતિ છે. આ મામલે પક્ષ જાણવા માટે જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ દ્વારા એલસીબી પીઆઈ સાહેબનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો, ત્યારે તેઓ મીડિયાના સવાલોથી ડરીને ભાગતા ફર્યા અને ફોન ઉપાડવાના જ બંધ કરી દીધા હતા, જે દર્શાવે છે કે દાળમાં કંઈક કાળું નથી પણ આખી દાળ જ કાળી છે.

### નડિયાદ પાલિકામાં આઉટસોર્સિંગના નામે કરોડોનું મસમોટું કૌભાંડ

# વર્ષ 2011થી ગરીબ કર્મચારીઓનું લોહી ચુસતી સિસ્ટમ સામે કોંગ્રેસનો હલ્લાબોલ

- કમિશનરને આવેદન પત્ર આપી ઉચ્ચસ્તરીય તપાસની કરાઈ માંગ!
- લઘુત્તમ વેતનના નામે લૂંટ અને પીએફ-બોનસની હેરાફેરી
- કોન્ટ્રાક્ટરોના ગજવા ભરતા ભ્રષ્ટ શાસકો અને અધિકારીઓની મિલીભગત સામે 'પાક્કો ગુજરાત'નો સીધો પ્રહાર

**નડિયાદ**

નડિયાદ નગરપાલિકા ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે અને આ વખતે મામલો સામાન્ય નથી, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના આઉટસોર્સિંગ કર્મચારીઓના પેટ પર લાત મારવાનો છે. વર્ષ ૨૦૧૧થી, એટલે કે છેલ્લા દોઢ દાયકાથી નડિયાદ પાલિકામાં આઉટસોર્સિંગના નામે એક બહુ મોટું આર્થિક કૌભાંડ અને શોષણનું નેટવર્ક ધમધમી રહ્યું હોવાનો ભયાનક વિસ્ફોટ થયો છે. સરકારના નિયમોને નેવે મૂકીને ગરીબ સફાઈ કામદારો અને અન્ય આઉટસોર્સિંગ કર્મચારીઓને કાયદેસર મળવાપાત્ર લઘુત્તમ વેતન (મિનિમમ વેજીસ) પણ ચૂકવવામાં આવતું નથી! સત્તાના નશામાં ચૂર શાસકો અને ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતથી કોન્ટ્રાક્ટરો બેફામ બન્યા છે અને કર્મચારીઓનું લોહી ચુસી રહ્યા છે. આ કૌભાંડની સૌથી ઘાતક અને ચોંકાવનારી બાજુ એ છે કે કર્મચારીઓના પગારમાંથી પીએફ (પ્રોવિડન્ટ ફંડ) અને બોનસના નામે નિયમિત કપાત તો કરવામાં આવે છે, પરંતુ આ રકમ તેમના ખાતામાં જમા થવાને બદલે બારોબાર ક્યાં ગાયબ થઈ જાય છે તેનો કોઈ હિસાબ નથી! પીએફ અને બોનસની આ કરોડો રૂપિયાની હેરાફેરી પાછળ કયા મોટા માથાઓના હાથ છે તે હવે તપાસનો વિષય બન્યો છે. ગરીબ કર્મચારીઓ રાત-દિવસ વૈતરૂં કરે છે અને મલાઈ કોઈ બીજા જ તત્વો ખાઈ રહ્યા છે. આ લૂંટ ચલાવનારા 'સફેદપોશ' કોન્ટ્રાક્ટરો અને પાલિકાના મેળાપીપણાના લીધે સેંકડો પરિવારો આર્થિક નરકમાં જીવવા મજબૂર બન્યા છે. નડિયાદ પાલિકાના આ કાળા કારોબાર સામે આખરે વિપક્ષ કોંગ્રેસ મેદાને આવ્યું છે. કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ એકઠા થઈને આ આઉટસોર્સિંગ કૌભાંડની ઉચ્ચસ્તરીય ન્યાયિક તપાસ કરાવવા માટે મ્યુનિસિપલ કમિશનરને એક ધારદાર આવેદન પત્ર સુપ્રત કર્યું છે. કોંગ્રેસે ઉગ્ર માંગ કરી છે કે વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધી કયા કોન્ટ્રાક્ટરે કેટલા કર્મચારીઓના પીએફ, બોનસ અને લઘુત્તમ વેતનમાં ગોબા ચારી કરી છે, તેની એક-એક પાઈની તપાસ થવી જોઈએ. જો આ મામલે તાત્કાલિક કડક પગલાં ભરીને ભ્રષ્ટાચારીઓ સામે એક્શન લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર જનઆંદોલન કરવાની પણ ખુલ્લી ચેતવણી આપવામાં આવી છે.

## શ્રીમતિ જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા સ્કૂલ દ્વારા એક દિવસીય યોજાયો 'લીડરશીપ સેમિનાર'

**ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી અને શિક્ષણ, શિસ્ત તેમજ સંસ્કાર ઘડતરમાં અગ્રેસર એવી 'શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ' સંચાલિત શ્રીમતિ જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા અંગ્રેજી માધ્યમની સ્કૂલ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોઢાણીયા મહિલા કોલેજના ભરત મુનિ રંગમંચ ખાતે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ અને નેતૃત્વ ગુણો ખીલવવા માટે એક દિવસીય 'લીડરશીપ સેમિનાર' યોજાયો હતો. આ સેમિનારમાં પસંદ થયેલા વિદ્યાર્થી લીડર્સે પોતાની ભૂમિકા નિષ્ઠાપૂર્વક બજાવવા માટે ગૌરવભેર શપથ લીધા હતા.



કાર્યક્રમના પ્રારંભમાં સ્કૂલના ઈનોવેટીવ પ્રિન્સિપાલ ભાવનાબેન અટારાએ જણાવ્યું હતું કે:સંસ્થા ક્વાંટિટી (સંખ્યા) માં નહીં, પરંતુ ક્વોલિટી (ગુણવત્તા) એજ્યુકેશન આપવામાં માને છે. શાળાના કેન્દ્રબિંદુમાં વિદ્યાર્થીઓ છે, જેથી તેમને ક્વોલિફાઈડ ટીચિંગ સ્ટાફ અને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

### જૂનાગઢના ચર્ચીત ધારા કડીવાર મર્ડર કેસમાં કોર્ટનો મોટો ચુકાદો

# મુખ્ય આરોપી સુરજ ભુવા સહિત 5 આરોપીઓને આજીવન કેદની સજા

**જૂનાગઢ**

જૂનાગઢની રહેવાસી 22 વર્ષીય યુવતી ધારા વિનોદભાઈ કડીવાર અને સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકના સુરજ સોલંકી ઉર્ફે સુરજ ભુવા વચ્ચે પહેલા ઓળખાણ થઈ હતી, જે બાદમાં પ્રેમ સંબંધમાં પરિણમી હતી. જોકે, સમય જતાં બંને વચ્ચે ગંભીર મતભેદો અને ઝઘડા શરૂ થયા હતા. આ વિવાદ એટલો વણસ્યો કે વર્ષ 2022માં ધારા કડીવાર રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગઈ હતી. દીકરી ગુમ થતાં ચિંતિત પરિવારે પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે સઘન તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં જે ચોંકાવનારી વિગતો બહાર આવી તેણે સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું હતું. તપાસ દરમિયાન સામે આવ્યું કે ધારાની નિર્મમ હત્યા કરી દેવામાં આવી હતી. એટલું જ નહીં, આ ગુના પર પડદો પાડવા અને પુરાવાનો નાશ કરવા માટે ધારાના મૃતદેહને સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના નોલી અને વાટાવચ્છ ગામની સીમમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં નિર્જન જગ્યાએ મૃતદેહ પર પેટ્રોલ છાંટીને તેને સળગાવી દેવામાં આવ્યો હતો જેથી ગુનાનો કોઈ પુરાવો ન બચે. આ ચર્ચાસ્પદ કેસની ગંભીરતાને જોતાં પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને મુખ્ય આરોપી સુરજ ભુવા સહિત અન્ય સહઆરોપીઓની ધરપકડ કરી હતી. તપાસના ભાગરૂપે પોલીસે આરોપીઓને સાથે રાખીને વાટાવચ્છ ગામની સીમમાં ઘટનાસ્થળનું રી-કન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું. આ સ્થળેથી પોલીસને મહત્વના માનવ અવશેષો મળી આવ્યા હતા, જે કોર્ટમાં આરોપીઓ સામે સૌથી મજબૂત કડીરૂપ પુરાવા સાબિત થયા હતા. આ કેસ જૂનાગઢ સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો હતો. સરકારી વકીલની ધારદાર દલીલો, સાક્ષીઓની જુબાની અને પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવેલા વૈજ્ઞાનિક પુરાવાઓને ગ્રાહ્ય રાખીને 15 જુલાઈ 2026ના રોજ કોર્ટે પોતાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

# સુરતના ડાયમંડ કિંગ ધીરુ રામાણીનું આફ્રિકાના માલીમાં સશસ્ત્ર અપહરણ

### 100 કરોડની મસમોટી ખંડણી વસૂલીને છોડાયા હોવાનો ઇન્ટરનેશનલ અંડરવર્લ્ડનો સૌથી મોટો સનસનીખેજ વિસ્ફોટ!

**સુરત**

ગુજરાત અને સુરતના હીરા બજારમાં જેના નામનો સિક્કો પડે છે તેવા જાણીતા ડાયમંડ બિઝનેસમેન ધીરુ રામાણી (Dhiru Ramani) નું આફ્રિકાના અત્યંત જોખમી ગણાતા માલી (Mali) દેશમાં સશસ્ત્ર આતંકીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાના અને ત્યારબાદ રોકડા ૧૦૦ કરોડ રૂપિયાની ખંડણી વસૂલીને તેમને મુક્ત કરાયા હોવાના અહેવાલોથી વૈશ્વિક હીરા બજાર સહિત સમગ્ર ગુજરાતમાં ભૂકંપ આવી ગયો છે. હીરાના વેપાર અર્થે આફ્રિકા ગયેલા સુરતના આ દિગ્ગજ ઉદ્યોગપતિ ગ્લોબલ કિડનેપિંગ રેકેટના આકાઓના સીધા નિશાના પર હતા. આ કોઈ સામાન્ય લૂંટ નહોતી, પરંતુ મહિનાઓ સુધી રેકી કરીને ગોઠવવામાં આવેલું એક અત્યંત ખતરનાક અને સુનિયોજિત આંતરરાષ્ટ્રીય કાવતરું હતું, જેણે સુરતના તમામ મોટા હીરા ઉદ્યોગપતિઓની ઊંઘ હરામ કરી દીધી છે. સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી અને રૂંવાડા ઊભા કરી દે તેવી વિગતો મુજબ, માલી દેશની એક ખૂંખાર હથિયારધારી ગેંગે ધીરુ રામાણીને બંધક બનાવીને એક અજ્ઞાત લોકેશન પર રાખ્યા હતા. ત્યારબાદ સુરત અને દુબઈ સુધી તાર જોડતા અંડરવર્લ્ડના વચેટિયાઓ સક્રિય થયા હતા. ઉદ્યોગપતિની જાન બચાવવા માટે પડદા પાછળ મસમોટી ડીલ થઈ હોવાની ચર્ચા છે. કહેવાય છે કે પૂરા ૧૦૦ કરોડ રૂપિયાની અધધ રકમ હવાલા અને ગુપ્ત માધ્યમો દ્વારા આંતરરાષ્ટ્રીય કિડનેપર્સના હવાલે કરાયા બાદ જ ડાયમંડ કિંગનો મોતના મુખમાંથી છૂટકારો સંભવ બન્યો હતો.

## વડોદરા APMC ચૂંટણી જાહેર થતાં જ રાજકારણ ગરમાયું

# ભાજપના 'એક વ્યક્તિ, એક હોદ્દો'ના દાવા વચ્ચે કૌભાંડી પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલની દાવેદારીથી ખેડૂતોમાં ભારે રોષ

વડોદરા

વડોદરા એપીએમસીની ચૂંટણીની સત્તાવાર જાહેરાત થતાં જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ એક તરફ સંગઠન અને સત્તામાં 'એક વ્યક્તિ, એક હોદ્દો'ની મોટી-મોટી વાતો કરીને શિસ્તબદ્ધ પક્ષ હોવાનો દાવો કરે છે, ત્યારે બીજી તરફ જમીની હકીકત કંઈક અલગ જ ઈશારો કરી રહી છે. કરજણના વિવાદાસ્પદ પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલે હવે વડોદરા એપીએમસીની ચૂંટણીમાં પોતાની દાવેદારી નોંધાવતા ખેડૂતોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આક્ષેપ છે કે સતીશ પટેલ પોતાના ઉચ્ચ રાજકીય 'ગોડફાધર'નો ઉપયોગ કરીને અને સત્તાનું દબાણ લાવીને ગમે તે ભોગે ટિકિટ મેળવવા માટે પક્ષના મોવડીમંડળ પર પ્રેશર ઊભું કરી રહ્યા છે.

### શુગર મિલના 25 કરોડના કૌભાંડનો કલંક અને ખેડૂતોના હકના પૈસાની ઉચાપત

અત્રે ઉલ્લેખનીય છે કે સતીશ પટેલ જ્યારે ધારાસભ્ય પદ પર હતા, ત્યારે કરજણ તાલુકાની ગંધારા શુગર મિલમાં આશરે ૨૫ કરોડ રૂપિયાનું મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના ગંભીર આરોપો લાગ્યા હતા. અંદાજે ૨૫૦૦ જેટલા ભોળા ખેડૂતોની શેરડી લઈ, ખાંડ બનાવીને બજારમાં તેમજ સરકારને વેચી માર્યા બાદ પણ હજારો ગરીબ ખેડૂતોના હકના પૈસા ઓળવી જવાનો કાળો કલંક તેમના પર લાગેલો છે. જે પૈસા માટે ખેડૂતો આજે પણ દર-દર ભટકી રહ્યા છે, તે કૌભાંડના મુખ્ય સૂત્રધારને ફરીથી એપીએમસી જેવી ખેડૂતોની સંસ્થાનું સુકાન સોંપવા સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

### પુત્ર ધુરુવલ પટેલ પર પણ ગંભીર આક્ષેપો: એપીએમસીની જગ્યામાં લાખોની દુકાનો વેચી માર્યાનો આરોપ

આટલું ઓછું હોય તેમ, હાલમાં સતીશ પટેલના પુત્ર ધુરુવલ પટેલ એપીએમસીમાં ડિરેક્ટર પદ પર બિરાજમાન છે. તેમના કાર્યકાળ સામે પણ ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે કે ખેડૂતોના પાક અને સુવિધા માટે અનામત રાખવામાં આવેલી એપીએમસીની કિંમતી જગ્યામાં ગેરકાયદેસર રીતે દુકાનો ખડકી દેવામાં આવી હતી. આ ગેરકાયદેસર દુકાનોને બારોબાર ૪૦ થી ૬૦ લાખ રૂપિયાની તોતિંગ કિંમતે વેચી મારવામાં આવી હોવાની ચર્ચા પંથકમાં જોરશોરથી ચાલી રહી છે, જે કરોડો રૂપિયાનો કોઈ સત્તાવાર હિસાબ એપીએમસીના ચોપડે ક્યાંય જોવા મળતો નથી.

### મહામંત્રી જયદીપ ચૌહાણ પણ રેસમાં: ખેડૂતોની માંગ છે કે 'માત્ર ખેડૂત પુત્રને જ ટિકિટ આપો'

બીજી તરફ, વડોદરા જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રી જયદીપ ચૌહાણ પણ આ એપીએમસી ચૂંટણીમાં મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે, જેને કારણે આ બેઠક માટે આંતરિક ખેંચતાણ વધી છે. આ સ્થિતિ વચ્ચે કરજણ પંથકના જગતના તાતે હવે આરપારની લડાઈના મંડાણ કર્યા છે. ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે વડોદરા એપીએમસીમાં કોઈ ધનકુબેર, ઉદ્યોગપતિ કે ભૂતકાળમાં કૌભાંડ કરનારા નેતાને નહીં, પરંતુ સાચા અને નીતિવાન ખેડૂત પુત્રને જ ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે, જે ખરા અર્થમાં ખેડૂતોની પીડા સમજી શકે અને તેમના હક માટે લડી શકે. ખેડૂતોએ મક્કમ નિર્ધાર કર્યો છે કે આ વખતે તેઓ પક્ષ નહીં, પણ માત્ર ને માત્ર કોઈ સાચા ખેડૂત પુત્રને જ વિજયી બનાવશે.

ભારોભાર આક્રોશથી ભરેલા ખેડૂતોએ શાસક પક્ષ ભાજપને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો શુગર મિલમાં કરોડોનું કૌભાંડ આચરનારા સતીશ પટેલ કે તેમના કોઈ પણ મળતિયા કે સાથીદારોને ભાજપ દ્વારા ટિકિટ આપીને સપોર્ટ કરવામાં આવશે, તો તેના ગંભીર પરિણામો આગામી સમયમાં ભોગવવા પડશે.

## ડભોઈ રેલવે સ્ટેશન નજીક પોલીસની સપાટાધારી કાર્યવાહી

# લાકડાના બોક્સમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, બુટલેગર જેલહવાલે

ડભોઈ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે ડભોઈમાં ગેરકાયદેસર દારૂ વેચનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. ડભોઈ રેલવે સ્ટેશન વિસ્તારમાં બાતમીના આધારે પોલીસે સપાટો બોલાવીને એક બુટલેગરને વિદેશી શરાબના જથ્થા સાથે રંગેહાથ દબોચી લીધો છે. ચોક્કસ બાતમી અને સચોટ આયોજન સાથે કરવામાં આવેલી આ રેડથી ડભોઈના સ્થાનિક બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ડભોઈ રેલવે સ્ટેશન પાસે આવેલી 'ગુલાબીની ચાલી'માં રહેતો ૨૫ વર્ષીય યુવક રાજેશ રમેશભાઈ બારીયા ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી દીધી હતી. આરોપી રાજેશ બારીયા રેલવે સ્ટેશન નજીક આવેલી કોર્ટની દિવાલ પાસે, એક બંધ ફેક્ટરીની ઓથમાં શંકાસ્પદ હાલતમાં ઊભો હતો. તે ગ્રાહકોની રાહ જોઈને વિદેશી શરાબ વેચવાની પેરવીમાં જ હતો કે બરાબર તે જ સમયે પોલીસે તેને ઘેરી લીધો હતો.

પોલીસે જ્યારે ઘટનાસ્થળે આરોપી રાજેશ બારીયાને અટકાવીને તેની સઘન તલાશી લીધી, ત્યારે તેની પાસેથી લાકડાના કેટલાક શંકાસ્પદ બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સ ખોલીને જોતાં જ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બોક્સની અંદરથી વિદેશી શરાબની બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ રૂપિયા ૧૦,૬૦૮/- ની કિંમતની વિદેશી શરાબની બોટલો જપ્ત કરી છે.

પકડાયેલ આરોપીની વિગત: નામ: રાજેશ રમેશભાઈ બારીયા (ઉંમર ૨૫ વર્ષ), સરનામું: ગુલાબીની ચાલી, રેલવે સ્ટેશન પાસે, ડભોઈ, મુદ્દામાલ: કુલ રૂપિયા ૧૦,૬૦૮/- ની કિંમતનો વિદેશી શરાબ

આગળનું પોલીસ નેટવર્ક એક્શનમાં: મૂળ સુધી પહોંચવા તપાસ તેજ : ડભોઈ પોલીસે તમામ દારૂનો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી લીધી છે. પરંતુ પોલીસ માત્ર અહીંયા જ અટકી નથી.

# પૂજા પૂર્ણ કરીને વાડીએ જવા નીકળેલા શિવભક્તને ભગવાને પોતાના ચરણોમાં બોલાવી લીધા

ગોંડલ

ભક્તિની પરાકાષ્ઠા અને જીવનની નશ્વરતાનો એક અત્યંત હૃદયદ્રાવક કિસ્સો ગોંડલ પંથકમાંથી સામે આવ્યો છે. ભક્તિમાં લીન એક સાચા શિવભક્ત પૂજા અર્ચના પૂર્ણ કરીને પોતાની વાડી તરફ જવા નીકળ્યા, પરંતુ કદાચ વિધાતાના લેખ કંઈક જુદા જ હતા. ભગવાને ભક્તની ભક્તિથી પ્રસન્ન થઈને તેમને સીધા પોતાના ચરણોમાં બોલાવી લીધા હોય તેમ ગોંડલના કાબાભાઈ ઉમરેટિયાનું અચાનક નિધન થયું છે. આ દુઃખદ સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ છે. કાબાભાઈના આ નશ્વર સંસાર છોડી જવાના સમાચાર દરેક વ્યક્તિને હચમચાવી મૂકે તેવા છે. સવારની પવિત્ર વેળાએ પ્રભુ સ્મરણ કરીને નીકળેલા જીવનો આ રીતે અચાનક વિદાય લેવી એ જ સાબિત કરે છે કે જીવનનો ખરેખર કોઈ ભરોસો નથી. શ્વાસ ક્યારે ખૂટી જાય અને કઈ ક્ષણ આખરી બની જાય તે કોઈ જાણી શકતું નથી. આ ઘટના સમાજને એક મોટો સંદેશ આપી જાય છે કે, દુનિયાની તમામ મોહ-માયા અહીં જ રહી જવાની છે.

## ડભોઈ શહેર બહુચરાજી મંદિર પાસે એક મહિનાથી

# ઉભરાતી ગટર નગરપાલિકાની ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં પ્રચંડ રોષ

ડભોઈ

ડભોઈ શહેરના ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન બહુચરાજી મા તાજી મંદિર નજીક છેલ્લા એક મહિનાથી ગટરના ગંદા પાણી જાહેર રોડ પર વહી રહ્યા છે સ્થાનિક તંત્રની ઘોર ઉદાસીનતાના કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ અને ત્યાંથી પસાર થતા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે પવિત્ર યાત્રાધામ અને રહેણાંક વિસ્તારમાં ફેલાયેલી આ ગંદકીને પગલે લોકોમાં નગરપાલિકા વિરુદ્ધ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.તંત્રને અનેક રજૂઆતો છતાં પરિણામ શૂન્ય સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ગંભીર સમસ્યા અંગે ડભોઈ નગરપાલિકામાં એકવાર નહીં પરંતુ અનેક વખત મૌખિક તેમજ લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા પાલિકા તંત્ર દ્વારા હજુ સુધી કોઈ જ નક્કર કે અસરકારક કામગીરી કરવામાં આવી




નથી. અહીં માત્ર ગટરની જ સમસ્યા નથી, પરંતુ વિસ્તારમાં કચરો ઉપાડવા માટે પણ ગાડીઓ નિયમિત આવતી નથી. સફાઈ કામગીરી સદંતર ઠપ્પ થઈ ગઈ છે જેના કારણે રોડ પર કચરાના ઢગલા ખડકાયા છે ચાંદીપુરા વાયરસના ભય વચ્ચે રોગચાળાની આશંકા હાલમાં રાજ્યભરમાં ચાંદીપુરા વાયરસ અને મચ્છરજન્ય રોગોનો ભય મંડરાઈ રહ્યો છે, ત્યારે આ વિસ્તારમાં ચોવીસ કલાક ભરાઈ રહેતા ગંદા પાણી અને ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. આ ભયાનક ગંદકી મચ્છરો અને ઝેરી જીવાતોનું સંવર્ધન કેન્દ્ર બની ગઈ છે જેનાથી સ્થાનિકોમાં ગંભીર રોગચાળો ફાટીનીકળવાની દહેશત ઊભી થઈ છે જો આ ગંદકીના કારણે વિસ્તારમાં કોઈ જીવલેણ રોગચાળો ફાટી નીકળશે અને કોઈ નાગરિક જાન ગુમાવશે, તો તેની જવાબદારી કોણ લેશે નગરપાલિકાના સત્તાધીશો કે પછી આરોગ્ય વિભાગ તાત્કાલિક ઉકેલની ઉગ્ર માંગ ભક્તિભાવથી ભરેલા આ ધાર્મિક સ્થાનની પવિત્રતા જોખમાઈ છે.

# ગુજરાત સરકારનો ઐતિહાસિક નિર્ણય : 'અશાંતધારા' ભૂતકાળ બન્યો

## હવેથી ઓળખાશે 'સ્પેસિફાઇડ એરિયા' તરીકે! મિલકત ખરીદ-વેચાણના નિયમોમાં ધરખમ ફેરફારો

ગાંધીનગર

ગુજરાતમાં મિલકતોના ગેરકાયદે ખરીદ-વેચાણ અને વસ્તીના સંતુલનને બગાડતા તત્વો સામે ગુજરાત સરકારે કાયદાનો ગાળિયો વધુ મજબૂત કર્યો છે. રાજ્ય સરકારે વર્ષો જૂના અને ચર્ચિત 'અશાંતધારા' કાયદામાં એક મોટો અને ઐતિહાસિક ફેરફાર કર્યો છે. હવેથી 'અશાંતધારા' શબ્દ કાયદાકીય સરકારી ચોપડેથી હટાવી દેવામાં આવશે અને તેના બદલે તેને વધુ પ્રોફેશનલ અને કડક નામ 'સ્પેસિફાઈડ એરિયા' (Specified Area) તરીકે ઓળખવામાં આવશે. સરકારે નવા નોટિફિકેશન બહાર પાડીને મિલકત ટ્રાન્સફરની પ્રક્રિયાને અત્યંત લોખંડી બનાવી દીધી છે. મિલકતો હડપ કરનારા અને ગેરકાયદેસર રીતે સોદા પાડનારા ભૂમાફિયાઓ પર લગામ કસવા સરકારે આ નવી જોગવાઈઓ અમલી બનાવી છે: 'સ્પેસિફાઈડ એરિયા'ની સત્તાવાર જાહેરાત: સરકાર હવે કોઈપણ સંવેદનશીલ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' તરીકે જાહેર કરી શકશે.

બનશે સુપર કમિટી: કાયદાના અમલીકરણ અને દેખરેખ માટે એક શક્તિશાળી 'મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટી'ની રચના કરવામાં આવશે. કલેક્ટર કક્ષાએ કડક સ્ક્રુટીની: હવેથી મિલકતના કોઈપણ સોદા પહેલાં કલેક્ટર કક્ષાએથી તેની ઝીણવટભરી તપાસ ફરજિયાત કરવામાં આવી છે. ગેરરીતિ કરનારાઓ માટે આફત: SITની રચના: જો મિલકત ટ્રાન્સફરમાં કોઈપણ પ્રકારની છેતરપિંડી કે દબાણની ફરિયાદ આવશે, તો તેની તપાસ સીધી ખાસ રચાયેલી SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) કરશે.

ગેરકાયદેસર ટ્રાન્સફર થશે સીધા રદ: મંજૂરી વિના કે ખોટી રીતે કરવામાં આવેલા મિલકતના તમામ સોદાઓને સરકાર સીધા રદબાતલ જાહેર કરશે. ૬ મહિનામાં પૈસા પાછા આપવાનો કડક નિયમ: જો કોઈ ટ્રાન્સફર ગેરકાયદે ઠરશે, તો વેચનારે ખરીદનારને માત્ર ૬ મહિનાની અંદર પૂરેપૂરી રકમ પરત ચૂકવવી પડશે.

નવા નોટિફિકેશન અંગે સરકારી વર્તુળોનું કહેવું છે કે, આ ફેરફારો બાદ કાયદાકીય છટકબારીઓનો ઉપયોગ કરીને અશાંત વિસ્તારોમાં મિલકતો ખરીદતા તત્વોની શાન ઠેકાણે આવી જશે. આ સુધારાઓથી ગેરકાયદેસર જમીનના સોદા સંપૂર્ણપણે અટકી જશે અને સામાન્ય નાગરિકોના હિતોનું રક્ષણ થશે.

## વિધાર્થીઓને ખબર છે કે દારૂ ક્યાં મળે છે, પણ પોલીસ અજાણ!

# ગીર સોમનાથમાં આ તંત્રની નાકામી છે કે પછી લાખો રૂપિયાનું 'હપ્તા રાજ'?

ગીર સોમનાથ

ગાંધીના ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના લીરેલીરા ઉડાવતો એક અત્યંત શરમજનક અને સનસનાટીપૂર્ણ સવાલ ગીર સોમનાથ જિલ્લામાંથી ઉઠ્યો છે. જે સવાલ સાંભળીને કદાચ કાયદો અને વ્યવસ્થાના મોટા-મોટા દાવા કરતા આખી સિસ્ટમના અધિકારીઓ પાણી-પાણી થઈ જાય! સવાલ એ છે કે, જે જિલ્લામાં ભણી-ગણીને દેશનું ભવિષ્ય ઉજ્જવળ કરવા નીકળેલા સામાન્ય વિદ્યાર્થીઓને આંગળીના ટેરવે ખબર છે કે ગલીએ-ગલીએ દેશી-વિદેશી દારૂ ક્યાં મળે છે, એ જ જિલ્લાની હાઈટેક પોલીસને આ અડ્ડાઓ કેમ દેખાતા નથી? આ ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રની ઘોર નાકામી છે, કે પછી પડદા પાછળ ચાલતું લાખો રૂપિયાનું 'હપ્તા રાજ' જેમાં ઉપરથી નીચે સુધી સૌ કોઈ મોં બંધ રાખવાની કિંમત વસૂલી રહ્યા છે?

આજની તારીખે ગીર સોમનાથ જિલ્લામાં સ્થિતિ એવી વણસી છે કે દારૂડિયાઓ અને બુટલેગરો બેફામ બન્યા છે. બાતમીદાર વિના પણ દારૂ હાજર: શાળા-કોલેજે જતાં સામાન્ય યુવાનો અને વિદ્યાર્થીઓને પણ ખબર છે કે કઈ ડેલીએ, કયા નાકે કે કઈ વાડીમાં દારૂનો વેપલો ચાલે છે. પણ કાયદાના રક્ષકો જ્યારે એ રસ્તેથી પસાર થાય છે, ત્યારે તેમને બધું 'સબ ચંગા સી' દેખાય છે!

પોલીસની કામગીરી પર સવાલ: શું પોલીસનું બાતમીદારોનું નેટવર્ક સાવ નકામું થઈ ગયું છે? કે પછી પોલીસ પોતે જ બુટલેગરોની 'રક્ષક' બનીને બેઠી છે? જ્યારે જનતા પ્રશ્ન પૂછે છે, ત્યારે ખાખી વર્દી માત્ર નાના-મોટા પ્યાદાઓને પકડીને સંતોષ માની લે છે, પણ અસલી મગરમચ્છો તો આજેય ખુલ્લેઆમ ફરે છે.

આ ગંભીર અને ચિંતાજનક પરિસ્થિતિ હવે સીધી ગાંધીનગર સુધી પહોંચી છે. ગીર સોમનાથની જનતા હવે CMO Gujarat અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને સણસણતા સવાલો પૂછી રહી છે:

૧. શું ગુજરાત પોલીસ માત્ર ટ્રાફિકના નામે સામાન્ય લોકો પાસેથી દંડ વસૂલવામાં જ વ્યસ્ત રહેશે? બુટલેગરો સામે લાલ આંખ ક્યારે થશે?

૨. ગીર સોમનાથમાં જે હપ્તાખોરીની બૂમો ઉઠી રહી છે, તેની તપાસ કોઈ ઈમાનદાર એજન્સી દ્વારા કેમ કરાવવામાં આવતી નથી?

૩. જો યુવા પેઢી નશાના રવાડે ચડી રહી હોય, તો તેને રોકવા માટે સ્થાનિક પોલીસ કેમ કોઈ નક્કર એક્શન લેતી નથી?

# ભક્તિનો માહોલ શોકમાં ફેરવાયો: સુરતમાં જગન્નાથજીના દર્શને જતી બે કોલેજિયન યુવતીઓને કાળમુખા ટ્રકે કચડી

સુરત

સુરતમાં રથયાત્રાના પવિત્ર અને ઉત્સાહભર્યા માહોલ વચ્ચે એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી દુર્ઘટના સામે આવી છે. સુરતના સાયણ-હજીરા આઉટર રિંગ રોડ પર ભક્તિભાવ સાથે ભગવાન જગન્નાથજીના દર્શન કરવા જઈ રહેલી બે કોલેજિયન યુવતીઓને એક પૂરપાટ ઝડપે દોડતા મોતે બનેલા ટ્રકે અડફેટે લીધી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં એક આશાસ્પદ યુવતીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવતી ગંભીર રીતે ઘાયલ થતાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બંને યુવતીઓ કોલેજમાં અભ્યાસ કરતી હતી અને અષાઢી દૂજના પાવન પર્વે ભગવાન જગન્નાથજીની રથયાત્રાના દર્શન કરવા માટે પોતાના મોપેડ (સ્કૂટર) પર સવાર થઈને નીકળી હતી. બંનેના મનમાં પ્રભુ દર્શનનો ભારે ઉત્સાહ હતો, પરંતુ સાયણ-હજીરા આઉટર રિંગ રોડ પર યમરાજ બનીને આવેલા એક બેફામ ટ્રક ચાલકે તેમની ખુશીઓને કાયમ માટે છીનવી લીધી.

સ્થળ પર જ દમ તોડ્યો: ભારે હોબાળા અને ટ્રાફિક વચ્ચે પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે એક યુવતી સીધી ટાયર નીચે આવી ગઈ હતી અને તેનું ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં મોત નીપજ્યું હતું.

# દેવગઢ બારિયા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના દુકાનદારોએ પડતર પ્રશ્નોને લઈને આવેદનપત્ર આપ્યું

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે દુકાન ધરાવતા વેપારીઓએ લાંબા સમયથી ઉકેલ ન આવેલા વિવિધ પ્રશ્નોને લઈને બજાર સમિતિના સત્તાધીશોને આવેદનપત્ર પાઠવ્યું હતું. દુકાનદારોએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ઘણા સમયથી વિવિધ મૂળભૂત સુવિધાઓના અભાવનો સામનો કરી રહ્યા છે. બજારમાં દુકાનોના ભાડામાં થયેલા વધારાથી વેપારીઓ પર આર્થિક બોજો વધી રહ્યો છે. ઉપરાંત, શૌચાલયની પૂરતી અને સ્વચ્છ સુવિધા ઉપલબ્ધ નથી તેમજ પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી વેપારીઓ અને ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વેપારીઓએ માંગણી કરી હતી કે બજાર સમિતિ દ્વારા તેમના પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ



કરાવવામાં આવે. જો તેમની રજૂઆતને ગંભીરતાથી લઈ યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં વેપારીઓ આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

વેપારીઓની રજૂઆત બાદ હવે બજાર સમિતિ દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

# મહુવાના બાંભણીયામાં વન વિભાગના પાપે ખેલાયો મોતનો તાંડવ: દીપડાએ માસૂમનો ભોગ લીધો

ભાવનગર/મહુવા

સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં વન વિભાગની ઘોર લાપરવાહી અને કાગળ પર ચાલતી કામગીરી હવે નિર્દોષ માનવજીદગીઓ માટે કાળ સાબિત થઈ રહી છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બાંભણીયા ગામે માનવભક્ષી દીપડાના આતંકે હરખાતા-રમતા પરિવારને ઉજ્જડ કરી નાખ્યો છે. એક માસૂમ બાળક પર દીપડાએ હિંસક હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો છે. આ કાળજું કંપાવી દેનારી ઘટનાનો આઘાત સહન ન થતાં બાળકના દાદીનું પણ હૃદય બેસી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. એક જ પરિવારમાં થોડા જ કલાકોના અંતરે સર્જાયેલી આ ડબલ કરૂણાંતિકાને પગલે સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં વન વિભાગ સામે ભારે જનાક્રોશ ફાટી નીકળ્યો છે. બાંભણીયા ગામના સીમ વિસ્તારમાં બનેલી આ ઘટના પાછળ સરકારી ઓફિસોના એસી રૂમમાં બેસીને માત્ર મિટિંગો કરતા વન વિભાગના નકામા બાબુઓ સીધા જવાબદાર છે. માસૂમનો શિકાર કર્યો: રાત્રિના સમયે વાડી વિસ્તારમાં દીપડો અચાનક ત્રાટક્યો હતો અને માસૂમ બાળકને પોતાનો શિકાર બનાવ્યો હતો. જ્યારે લોહીલુહાણ હાલતમાં માસૂમનો નિર્જીવ દેહ મળ્યો ત્યારે આખું ગામ હિબકે ચડ્યું હતું. કાળજું ચીરી નાખતો આઘાત: પોતાના લાડકવાયા પૌત્રને લોહીથી લથપથ અને મોતને શરણ થયેલો જોઈને દાદીનું હૃદય આ કારમો આઘાત સહન કરી શક્યું નહીં.

## તંત્રી લેખ...

# ચીનના 12,200 કોર્સ પર કાતર ભારતમાં 94,000 સ્કૂલોને તાળાં

દેશમાં દસ વર્ષમાં 94,000 સરકારી સ્કૂલોને તાળાં લાગ્યાં છે, તે હેડલાઈન વાંચીને શિક્ષણવિદોનું માથું શરમથી ઝૂકી ગયું હશે. એમ લાગે છે કે સરકારે શિક્ષણ તરફ ધ્યાન આપવાનું નેવે મૂકી દીધું છે. સરકારે મંદિરો તરફ જેટલું ધ્યાન આપ્યું છે, એટલું જ ધ્યાન જો સરકારી સ્કૂલોને શિક્ષણથી સમૃદ્ધ બનાવવામાં આપ્યું હોત તો આજે કેટલીય નવી અને ઉત્તમ સરકારી સ્કૂલો ઊભી થઈ શકી હોત. ૯૪,૦૦૦ સરકારી સ્કૂલોને તાળાં વાગે તે બહુ સંવેદનશીલ વાત છે, પણ લાગતાવળગતાઓના પેટનું પાણી નથી હાલતું. સૌ પોતાની રાજકીય મસ્તીના નશામાં વ્યસ્ત છે. આવતી પેઢી ક્યાં ભણશે, શું ભણશે તેની ચિંતા કોઈને સતાવતી નથી. સરકારી સ્કૂલોનો ઉપયોગ સૌથી વધુ ટાઉન લેવલ અને ગામડાઓમાં થાય છે. અનેક ગામડાંમાં સ્કૂલોની ભંગાર સ્થિતિ છે. એવું નથી કે સરકારને સ્કૂલોની હાલત વિશે ખબર નથી, પરંતુ સ્કૂલો વોટ ખેંચી લાવતાં કેન્દ્રો નથી તે દરેક રાજકીય પક્ષો જાણે છે. દેશનું યુવાધન શિક્ષણ લેવા માંગે છે, પરંતુ શિક્ષણની સવલતોનો અભાવ તેમને અવરોધે છે. ચીને તાજેતરમાં શિક્ષણ ક્ષેત્રને સ્માર્ટ બનાવવા લીધેલાં પગલાંનો અહીં ઉલ્લેખ કરવો જોઈએ. પોતાના દેશના હિત માટે કડક નિર્ણયો લેવામાં ચીન વિશ્વના દેશોમાં મોખરે છે.




શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા ચીનના પ્રયાસની પ્રશંસા વિશ્વમાં એટલા માટે થઈ રહી છે કે ચીને તેની હાયર એજ્યુકેશન સિસ્ટમમાં ઘરમૂળથી ફેરફાર કર્યો છે. પાંચ-દસ નહીં પણ ૧૨,૨૦૦ જેટલા અંડર ગ્રેજ્યુએટ શૈક્ષણિક કોર્સ પર કાતર ફેરવી દીધી છે. પોતાના દેશમાં ચાલતા શૈક્ષણિક કોર્સ બંધ કરીને તેની જગ્યાએ વિદ્યાર્થીઓને આધુનિક વિજ્ઞાન સાથે સંકળાયેલા આટફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ જેવા નવા કોર્સ શરૂ કર્યા છે.

ચીનના સત્તાધારીઓ માને છે કે સ્પર્ધાના યુગમાં ચીલાચાલુ શૈક્ષણિક કોર્સ જેવા કે પબ્લિક એડમિનિસ્ટ્રેશન, એચઆર મેનેજમેન્ટ, ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ, એડિટિંગ, એડવર્ટાઈઝિંગ, ફોરેન લેંગ્વેજ વગેરે સ્પર્ધાના યુગને અનુરૂપ નથી, તેથી ચીનના સત્તાવાળાઓએ તેને રદ કરી નાખ્યા છે. ચીનના મતે આવા કોર્સ જોબ અપાવી શકતા નથી, જેના કારણે બેકારીમાં વધારો થાય છે. ચીને પોતાના દેશમાં ચાલતા શૈક્ષણિક કોર્સ પૈકી ૩૦ ટકા બંધ કરી દીધા છે અને તેના સ્થાને બીજા ૧૦,૨૦૦ કોર્સ અમલી બનાવ્યા છે. દરેક નવા કોર્સનું સિલેબસ એઆઈ આધારિત તૈયાર કરાયું છે. ચીન માને છે કે તેના વિદ્યાર્થીઓ દેશનું ભાવિ છે, તેમને એઆઈના બેઝ સાથે તૈયાર કરવા જોઈએ. ટૂંકમાં ચીને 'એઆઈ-ફર્સ્ટ' સ્લોગન શિક્ષણ સંસ્થાઓમાં અમલી બનાવવાનું શરૂ કર્યું છે. ભારતમાં પાયાનું શિક્ષણ આપતી સ્કૂલો જ બંધ થઈ રહી હોય, ત્યાં હાયર એજ્યુકેશન તો લાખો લોકો માટે સપનાં સમાન બની જાય છે. એમ લાગે છે કે યુવા વર્ગ શિક્ષિત ના બને અને ઠેરનો ઠેર રહે તેવો વિચાર અમલમાં મુકાઈ રહ્યો છે. ગુજરાતના છોટા ઉદેપુર જિલ્લાના આંતરિયાળ ગામોમાં ચાલતી પાયાની સુવિધા વિહોણી સ્કૂલના ફોટાને જ્યારે હાઈલાઈટ કરાયા, ત્યારે હાઈફાઈ સ્કૂલોમાં ભણતા સુખી-સંપન્ન લોકોને વિકાસની પાછળ રહેલા અંધારાનો ખ્યાલ આવ્યો હતો.

પાયાની જરૂરિયાત સમાન શિક્ષણ પ્રત્યે તમામ કેન્દ્ર સરકારોએ દુર્લક્ષ સેવ્યું છે. દેશ આઝાદ થયો ત્યારથી સરકારોએ પોતાના રાજકીય પક્ષની વિચારધારાને સિલેબસમાં સામેલ કરી શકે તેવી શિક્ષણ સમિતિઓ રચી હતી, પરંતુ શિક્ષણ સંસ્થાઓ તેમજ આધુનિક રીતે શિક્ષણ આપવામાં નીરસતા બતાવી હતી. સરકારી સ્કૂલોની સામે ખાનગી સ્કૂલો માત્ર પૈસાદાર વર્ગ જ ભણી શકે તે માટે ખોલાઈ હોય એમ લાગે છે. અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સ્કૂલો ઊભી કરવાનું કામ કરે છે, પરંતુ તેમને સરકાર તરફથી જોઈતી મંજૂરી કે સવલતો મળતી નથી. જે કામ સરકારને કરવું જોઈએ તે સ્વૈચ્છિક સંસ્થાઓ કરી રહી છે. એક તરફ બેરોજગારોની સંખ્યા વધી રહી છે, બીજી તરફ સરકારી સ્કૂલો બંધ થઈ રહી છે. ચીનને ભલે આપણે દુશ્મન દેશ ગણતા હોઈએ, પરંતુ શિક્ષણ ક્ષેત્રે ૧૨,૨૦૦ કોર્સ બંધ કરીને તેણે વિશ્વના શિક્ષણ ક્ષેત્રનું ધ્યાન ખેંચ્યું છે તેમજ શિક્ષણને મહત્ત્વ આપ્યું છે. ભારત દેશમાં દસ વર્ષમાં 94,000 સરકારી સ્કૂલોને તાળાં લાગ્યાં છે, તે હેડલાઈન વાંચીને શિક્ષણવિદોનું માથું શરમથી ઝૂકી ગયું હશે. એમ લાગે છે કે સરકારે શિક્ષણ તરફ ધ્યાન આપવાનું નેવે મૂકી દીધું છે. સરકારે મંદિરો તરફ જેટલું ધ્યાન આપ્યું છે, એટલું જ ધ્યાન જો સરકારી સ્કૂલોને શિક્ષણથી સમૃદ્ધ બનાવવામાં આપ્યું હોત તો આજે કેટલીય નવી અને ઉત્તમ સરકારી સ્કૂલો ઊભી થઈ શકી હોત. ૯૪,૦૦૦ સરકારી સ્કૂલોને તાળાં વાગે તે બહુ સંવેદનશીલ વાત છે, પણ લાગતાવળગતાઓના પેટનું પાણી નથી હાલતું. સૌ પોતાની રાજકીય મસ્તીના નશામાં વ્યસ્ત છે. આવતી પેઢી ક્યાં ભણશે, શું ભણશે તેની ચિંતા કોઈને સતાવતી નથી.

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - 7 (જ્ઞાનવિજ્ઞાન યોગ)

# બ્રહ્માંડનું સર્વોચ્ચ સત્ય: કણ-કણમાં કૃષ્ણ અને પ્રકૃતિનું ગૂઢ રહસ્ય

## ભગવાન આપણી પ્રાર્થનાઓનો સ્વીકાર કરવા માટે કોઈ ચોક્કસ ધામમાં નહીં, પણ આપણી ભક્તિ અને કર્મોના ધબકારામાં જ બિરાજમાન છે."



વિજ્ઞાન આપણને બહારની દુનિયાના સાધનો આપે છે, પણ જ્ઞાન આપણને અંદરની શાંતિનો માર્ગ બતાવે છે. ગયા અધ્યાયમાં આપણે જોયું કે મનને કાબૂમાં રાખીને 'આત્મસંયમ' કેવી રીતે કેળવવો. ડિજિટલ યુગના ડિસ્ટ્રેક્શન વચ્ચે પણ પોતાની જાતમાં સ્થિર થવું એ જ સાચો યોગ છે. પણ જ્યારે મન શાંત થાય છે, ત્યારે અંદરથી એક નવો જ જિજ્ઞાસાનો દીવો પ્રગટે છે

આ સૃષ્ટિ શું છે? ભગવાન કોણ છે? અને તે ક્યાં રહે છે?

આજના મોર્ડન અને લોજિકલ જમાનામાં આપણને બધું જ 'પ્રૂફ' (સાબિતી) સાથે જોઈએ છે. આપણને અંધશ્રદ્ધા નથી જોઈતી, લોજિક જોઈએ છે. અર્જુનની સ્થિતિ પણ કંઈક આવી જ હતી. આ સાયન્ટિફિક માઈન્ડસેટ ધરાવતા અર્જુનને કૃષ્ણ આ અધ્યાયમાં જે સમજાવે છે, તેને આજે આપણે 'કોસ્મિક સાયન્સ' કહી શકીએ.

આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એક જ સિક્કાની બે બાજુ છે

આપણે ઘણીવાર ધારી લઈએ છીએ કે વિજ્ઞાન અને ધર્મ એકબીજાના દુશ્મન છે. પણ કૃષ્ણ સાયન્સના સૌથી મોટા પ્રોફેસર બનીને આ અધ્યાયમાં કહે છે કે આ આખી સૃષ્ટિ મારી જ બે પ્રકૃતિથી બનેલી છે

1. અપરા પ્રકૃતિ (જડ વિજ્ઞાન ) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર. આ આઠ તત્વોથી આપણું શરીર અને આખી ભૌતિક સૃષ્ટિ (Physical Universe) બનેલી છે, જેને આજના વૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે.

2. પરા પ્રકૃતિ (ચેતન તત્વ - Consciousness): આ એ ઊર્જા (Energy) છે જે આખી સૃષ્ટિને ચલાવે છે. અલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું હતું ને કે 'Energy can neither be created nor destroyed' (ઊર્જા ક્યારેય નષ્ટ નથી થતી). એ જ અવિનાશી ઊર્જા એટલે ભગવાન!

તમે મોંઘામાં મોંઘો અને લેટેસ્ટ આઈફોન (iPhone) ખરીદો. તેમાં બેસ્ટ પ્રોસેસર, કેમેરા અને સ્ક્રીન છે એ બધું 'અપરા પ્રકૃતિ' (હાર્ડવેર) છે. પણ જો તેમાં 'સોફ્ટવેર' કે 'ઈન્ટરનેટ કનેક્ટિવિટી' જ ન હોય, તો એ ફોન માત્ર એક પથ્થરનો ટુકડો છે. એ ફોનને જીવંત કરતું સોફ્ટવેર એટલે 'પરા પ્રકૃતિ'. ભગવાન આ સૃષ્ટિના હાર્ડવેર અને સોફ્ટવેર બંનેના મેકર છે.

ભગવાનનું સાચું સરનામું ક્યાં છે?

કૃષ્ણ મંદિરોમાં કે આકાશની પેલે પાર કોઈ સિંહાસન પર જ નથી બેઠા. તે પ્રકૃતિના કણ-કણમાં વણાયેલા છે. કૃષ્ણ અર્જુનને પોતાનું સરનામું આપતા બહુ સચોટ ઉદાહરણો આપે છે

'હે અર્જુન, હું પાણીમાં રહેલો સ્વાદ છું.'

'હું સૂર્ય અને ચંદ્રમાં રહેલો પ્રકાશ છું.'

'હું આકાશમાં રહેલો શબ્દ (ધ્વનિ) છું અને મનુષ્યોમાં રહેલું સામર્થ્ય છું.'

જેમ એક સોનાના હારમાં, બંગડીમાં કે વીંટીમાં મૂળ તત્વ 'સોનું' જ છે, તેમ આ આખી સૃષ્ટિના અલગ-અલગ સ્વરૂપો પાછળ છુપાયેલું એકમાત્ર સત્ય 'પરમાત્મા' છે. જેમ દોરા વગર મોતીની માળા અશક્ય છે, તેમ ભગવાન આ આખા બ્રહ્માંડને એક અદ્રશ્ય દોરાની જેમ જોડી રાખે છે.

ગૂગલ મેપ અને ભગવાનના ચાર ભક્તો

આજના યુગમાં આપણે કોઈ અજાણ્યા રસ્તે જવું હોય તો ગૂગલ મેપ (Google Maps) નો સહારો લઈએ છીએ. કૃષ્ણ કહે છે કે મારી પાસે આવવા વાળા મુસાફરો (ભક્તો) ચાર પ્રકારના હોય છે

ભક્તનો પ્રકાર, લક્ષણ અને માનસિકતા.

૧. આર્ત (The Distressed) જ્યારે જીવનમાં કોઈ મોટી મુશ્કેલી કે સંકટ આવે ત્યારે જ ભગવાન યાદ આવે (જેમ કે એક્ઝામ વખતે કે હોસ્પિટલના ખાટલે).

૨. અર્થાર્થી (The Seeker of Wealth) ભગવાન પાસે હંમેશા ડીલ (Deal) કરવા જાય. 'ભગવાન, મને પ્રમોશન અપાવી દો, હું અગિયાર નાળિયેર વધેરીશ.'

૩. જિજ્ઞાસુ (The Searcher) જેમને સત્ય જાણવું છે. જેઓ સવાલ પૂછે છે કે 'હું કોણ છું? આ સૃષ્ટિ શું છે?'

૪. જ્ઞાની (The Wise)જેઓ સમજી ગયા છે કે ભગવાન સિવાય બીજું કંઈ છે જ નહીં. તેઓ કશું માંગતા નથી, માત્ર પ્રેમ કરે છે.

કૃષ્ણ કહે છે કે મને આ ચારેય ભક્તો ગમે છે, કારણ કે તેઓ બીજા ક્યાંય ભટકવાને બદલે મારી પાસે તો આવ્યા! પણ એમાં 'જ્ઞાની' મને સૌથી વધુ પ્રિય છે, કારણ કે તેનો ગૂગલ મેપ સીધો મારી સાથે જ કનેક્ટેડ છે, તેને વચ્ચે કોઈ સ્વાર્થનું સ્ટોપેજ નડતું નથી.

માયાનું રિમોટ કંટ્રોલ

આ સંસાર એક બહુ મોટી થ્રી-ડી (3D) ગેમ જેવો છે, જેને ગીતામાં 'માયા' કહી છે. આ માયાના ત્રણ ગુણો છે સત્વ, રજસ અને તમસ. આ ત્રણ ગુણોના પ્રભાવમાં આવીને આપણે સતત સુખ-દુઃખ, રાગ-દ્વેષના ચક્કરમાં ફસાયેલા રહીએ છીએ. જેમ કોઈ વેબ સિરીઝ જોતી વખતે આપણે એટલા ખોવાઈ જઈએ છીએ કે કેરેક્ટર રડે તો આપણે પણ રડી પડીએ છીએ, જ્યારે હકીકતમાં એ માત્ર એક સ્ક્રીન છે. બસ, આ જ માયા છે! કૃષ્ણ કહે છે કે આ માયાને પાર કરવી બહુ અઘરી છે, પણ જે માણસ પોતાનું રિમોટ કંટ્રોલ મને સોંપી દે છે (એટલે કે શરણાગતિ સ્વીકારે છે), તે આ માયાના ભ્રમમાંથી મુક્ત થઈ જાય છે.

આજના યુગ માટે લાઈફ લેસન

અધ્યાય ૭ આપણને શીખવે છે કે વિજ્ઞાન ભલે પદાર્થનો અંત લાવી શકે, પણ આધ્યાત્મિકતા જીવનની શરૂઆત કરે છે. રોજિંદા વ્યસ્ત શેડ્યૂલમાંથી થોડી મિનિટો કાઢીને જ્યારે આપણે પ્રકૃતિને નિહાળીએ, કોઈની સેવામાં આપણું સામર્થ્ય વાપરીએ, ત્યારે આપણે કૃષ્ણના એ 'જ્ઞાનવિજ્ઞાન'ને જીવી રહ્યા હોઈએ છીએ. જંગલમાં જઈને ઈશ્વરને શોધવાની જરૂર નથી, તમે જે કામ કરી રહ્યા છો જો તે પૂરી ઈમાનદારી, કુશળતા અને સચ્ચાઈથી કરો છો, તો તમે ઈશ્વરના સાચા સરનામે જ ઉભા છો!

(ક્રમશઃ આગામી અધ્યાય ૮ માં આપણે સમજીશું 'અક્ષરબ્રહ્મ યોગ' - સમયની ગણતરી કેવી રીતે થાય છે? અને જીવનની અંતિમ ઓવરમાં સિક્સર કેવી રીતે મારવી?)


**દર્શના પટેલ**
(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર


---

# ભ્રષ્ટ વ્યવસ્થા સામે વિજ્ઞાનીનો જંગ:

## સોનમ વાંગચુક દિલ્હીની સડક પર આમરણ ઉપવાસ પર! દેશના યુવાનો હવે તો આંખ ખોલો, નહીંતર ભવિષ્ય અંધકારમય છે!

જ્યારે દેશની સત્તાના નશામાં ચૂર નેતાઓ કરોડો રૂપિયાની ચમક-દમક અને એસી ચેમ્બરોમાં બેસીને માત્ર ભાષણો ઠોકતા હોય, ત્યારે એ જ દેશના એક સાચા સપૂત, અદ્ભુત વિજ્ઞાની અને ભારતના અસલી 'નૂર' ગણાતા સોનમ વાંગચુકને દિલ્હીની કડકડતી ઠંડી અને ફૂટપાથ પર આમરણ ઉપવાસ પર બેસવું પડે, એ આ લોકશાહી દેશ માટે સૌથી મોટી શરમજનક બાબત છે. પોતાના અંગત સુખ-સાહેબી, મોહ-માયા અને વૈજ્ઞાનિક સંશોધનોને બાજુ પર મૂકીને આ માણસ આજે દિલ્હીની ગાદી સામે બાંયો ચડાવીને બેસી ગયો છે. સવાલ માત્ર લદ્દાખનો નથી, સવાલ હવે આ દેશના ૨૦ નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને ન્યાયનો છે. જ્યારે શિક્ષણ વ્યવસ્થા અને રોજગારના નામે દેશના યુવાનો સાથે ક્રૂર મજાક થતી હોય, ત્યારે સોનમ વાંગચુકે ઉપાડેલી આ લડત હવે માત્ર એક આંદોલન નથી રહ્યું, પણ વ્યવસ્થા પરિવર્તનની જ્વાળા બની ચૂક્યું છે.

નેતાઓની કથીત બૌદ્ધિકતા સામે જનતાનો સણસણતો સવાલ

આ દેશની કમનસીબી તો જુઓ, એક બાજુ કરોડો યુવાનો ડિગ્રીઓ હાથમાં લઈને નોકરી માટે ભટકી રહ્યા છે, ત્યારે દેશના જવાબદાર ગણાતા નેતાઓ જાહેરમાં આવીને બેરોજગાર યુવાનોને 'ચા વેચવાની' કે 'ભીખ માંગવાની' અથવા તો 'પકોડા તળવાની' અણછાજતી સલાહો આપે છે! ડિગ્રીઓ કાગળના ટુકડા બની ગઈ: વર્ષોની મહેનત અને મા-બાપની લોહી-પરસેવાની કમાણી ખર્ચીને ભણેલા યુવાનોને જ્યારે આવી ક્ષુલ્લક સલાહો મળે છે, ત્યારે દેશના ભવિષ્ય પર રોવું આવે છે. નકલી વાયદાઓની ફેક્ટરી: ચૂંટણીઓ આવે ત્યારે લાખો નોકરીઓના વાયદા કરનારા પક્ષો સત્તા પર બેઠા પછી યુવાનોના અસ્તિત્વને જ ભૂલી જાય છે. પેપર લીક કાંડ હોય કે ભરતી કૌભાંડો, યુવાનોના ભવિષ્ય સાથે થતી રમત હવે અસહ્ય બની ગઈ છે.

હવે સમય પાકી ગયો છે: દેશના યુવાનો જાગો!

સોનમ વાંગચુક જેવા દેશભક્ત વિજ્ઞાની જ્યારે રસ્તા પર ઉતરે છે, ત્યારે તે સંકેત છે કે હવે પાણી માથા પરથી પસાર થઈ ચૂક્યું છે.

૧. ગાંધીજીના માર્ગે અસહકાર આંદોલન: યુવાનોએ હવે સમજવું પડશે કે માત્ર સોશિયલ મીડિયા પર કમેન્ટ્સ કરવાથી બદલાવ નહીં આવે. યુવાનો સાથે ગદ્દારી કરનારા શાસકો સામે હવે શાંતિપૂર્ણ પણ મક્કમ 'અસહકાર આંદોલન' છેડવું અનિવાર્ય બન્યું છે. ૨. ભ્રષ્ટ નીતિઓનો બહિષ્કાર: યુવાનોએ શિક્ષણ અને રોજગાર જેવા પાયાના મુદ્દાઓ પર સરકારને ઘેરવી પડશે. જો નેતાઓ પ્રજાના ટેક્સના પૈસે વૈભવી ઠાઠ ભોગવતા હોય, તો તેમને પ્રજાના સવાલોના જવાબ આપવા જ પડશે.

નવી ઉમ્મીદ: 'સોનમ વાંગચુકને વડાપ્રધાન બનાવો'ની બુલંદ લોક માંગ!

આજે દેશનો મધ્યમવર્ગ અને ભણેલો-ગણેલો યુવા વર્ગ એક સૂરે કહી રહ્યો છે કે, હવે આપણને જુમલાબાજ નેતાઓની નહીં, પણ વિઝનરી અને સાચું કામ કરનારા લોકોની જરૂર છે. સોનમ વાંગચુક એવા વ્યક્તિ છે જેમણે ગ્રાઉન્ડ લેવલ પર લદ્દાખ જેવા મુશ્કેલ વિસ્તારમાં શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે ક્રાંતિ લાવી બતાવી છે. દેશને નેતાની નહીં, વિઝનરીની જરૂર છે: જો દેશની બાગડોર સોનમ વાંગચુક જેવા પ્રામાણિક, ટેકનોક્રેટ અને જમીન સાથે જોડાયેલા સંવેદનશીલ માણસના હાથમાં સોંપવામાં આવે, તો દેશની દશા અને દિશા બંને બદલાઈ શકે છે. ભ્રષ્ટાચાર મુક્ત ભારતની કલ્પના: સોનમજી જેવા નિઃસ્વાર્થ દેશસેવક જ સાચા અર્થમાં દેશને ગરીબી, બેરોજગારી અને અશિક્ષણના અંધકારમાંથી બહાર લાવી શકે છે.

દિલ્હીની સરહદે બેઠેલા આ શિવજી જેવા શાંત પણ અંદરથી જ્વાળામુખી ધરાવતા મહામાનવના આંદોલનને જો દેશનો યુવા વર્ગ બેઠો-બેઠો જોતો જ રહેશે, તો આવનારી પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે. હવે સમય આવી ગયો છે - કાં તો જાગો, કાં તો આજીવન ગુલામી સ્વીકારો! સોનમ વાંગચુકના આ સત્યાગ્રહને દેશના ખૂણે-ખૂણેથી સમર્થન મળવું જ જોઈએ.

---

# દેશના સૌથી યુવા IPS સફીન હસન: સંઘર્ષ, ઝનૂન અને સફળતાની એક એવી મિશાલ જે કરોડો યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બની ગઈ!

## હીરા ઘસતા માતા-પિતાના લાલનો આઈપીએસ બનવા સુધીનો રોમાંચક પ્રવાસ; 'પાક્કો ગુજરાત' પર ગુજરાતના ગૌરવ સફીન હસનની ગર્વભરી ગાથા

ગુજરાતની ધરતીએ દેશને અનેક રત્નો આપ્યા છે, પરંતુ જ્યારે સનસનાટીભર્યા સંઘર્ષ અને અશક્યને શક્ય કરવાની વાત આવે ત્યારે આઈપીએસ (IPS) સફીન હસનનું નામ સૌથી મોખરે આવે છે. સુરત જિલ્લાના કાણાદાર ગામના એક સામાન્ય પરિવારમાંથી આવતા સફીન હસને સાબિત કરી દીધું કે જો તમારા સપનામાં દમ હોય અને મહેનત કરવાની તૈયારી હોય, તો ગરીબી ક્યારેય તમારા રસ્તાનો કાંટો બની શકતી નથી. સફીન હસન માત્ર ૨૨ વર્ષની નાની ઉંમરે દેશની સૌથી અઘરી ગણાતી UPSC પરીક્ષા પાસ કરીને ભારતના સૌથી યુવા IPS અધિકારી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. આજે તેમની આ સફર દરેક એવા યુવાન માટે એક પાઠ્યપુસ્તક સમાન છે જે જીવનના પડકારોથી હારી જાય છે.

માતા-પિતાએ હીરા ઘસ્યા, લગ્નોમાં રોટલીઓ વણી પણ દીકરાના સપનાને આંચ આવવા ન દીધી!




સફીનની આ અદ્ભુત સફળતા પાછળ તેમના માતા-પિતાનો લોહી-પરસેવો છુપાયેલો છે. એક સમયે તેમના પિતા મુસ્તફા હસન અને માતા નસીમબાનુએ દીકરાના ભણતરનો ખર્ચ ઉઠાવવા માટે દિવસ-રાત એક કર્યા હતા. પિતાએ હીરાના કારખાનામાં મજૂરી કરી અને ઈલેક્ટ્રીશિયન તરીકે કામ કર્યું, જ્યારે માતાએ લોકોના લગ્નપ્રસંગોમાં રોટલીઓ વણવાનું કામ પણ કર્યું જેથી સફીનની ફી ભરી શકાય. આ જ માતા-પિતાના ત્યાગ અને આશીર્વાદને સફીને પોતાની સૌથી મોટી તાકાત બનાવી. પ્રાથમિક શિક્ષણથી લઈને એન્જિનિયરિંગ સુધી અને ત્યારબાદ દિલ્હીમાં UPSC ની તૈયારી દરમિયાન સફીને આર્થિક તંગી જોઈ, પરંતુ પોતાના લક્ષ્ય પરથી ક્યારેય નજર હટવા દીધી નહીં.

અકસ્માત પણ ન રોકી શક્યો હોંસલો: લોહીલુહાણ હાલતમાં આપી પરીક્ષા!

સફીન હસનની જીદ કેટલી મજબૂત હતી તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જ્યારે તેઓ UPSC મેઈન્સની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા, ત્યારે જ તેમનો ગંભીર બાઈક અકસ્માત થયો હતો. જમણા હાથમાં ગંભીર ઈજા થઈ હતી અને શરીર લોહીલુહાણ હતું. કોઈપણ સામાન્ય માણસ હિંમત હારી જાય, પરંતુ સફીને પેઈન કિલર ઈન્જેક્શન લઈને પરીક્ષા હોલમાં બેસી પેપર પૂરું કર્યું. આ જ ઝનૂનનું પરિણામ હતું કે વર્ષ ૨૦૧૭ની UPSC પરીક્ષામાં તેમણે ઓલ ઈન્ડિયા ૫૭૦મો રેન્ક મેળવ્યો અને ખાખી વર્દી પહેરીને દેશની સેવાનું પોતાનું બાળપણનું સપનું પૂરું કર્યું.

કડક ઓફિસર અને જનતાના મિત્ર: ગુજરાત પોલીસમાં દબદબો!

ટ્રેનિંગ પૂરી કર્યા બાદ સફીન હસનને ગુજરાત કેડર મળી. જામનગરમાં એએસપી (ASP) તરીકેના તેમના પ્રથમ પોસ્ટિંગથી જ તેમણે ગુનેગારોમાં ફફડાટ ફેલાવી દીધો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવાની બાબતમાં સફીન જેટલા કડક છે, તેટલા જ તેઓ સામાન્ય જનતા માટે દયાળુ અને સુલભ અધિકારી સાબિત થયા છે. સોશિયલ મીડિયા પર પણ તેમની લોકપ્રિયતા કોઈ સેલિબ્રિટીથી કમ નથી. યુવાનો તેમને પોતાના રોલ મોડેલ માને છે. સફીન હસન અવારનવાર શાળા-કોલેજોમાં જઈને યુવાનોને ગાઈડ કરે છે અને તેમને દેશ સેવા માટે પ્રેરિત કરે છે.

### 'પાક્કો ગુજરાત' ન્યૂઝનો યુવા પેઢીને એક સકારાત્મક સંદેશ:

સફીન હસનની વાર્તા આપણને શીખવે છે કે બહાના બનાવવાથી સફળતા નથી મળતી, સફળતા માટે લોખંડી મનોબળ જોઈએ. નડિયાદ હોય, સુરત હોય કે ગુજરાતનો કોઈ ખૂણો, સફીન હસન જેવા પ્રામાણિક અને ઝાઝરમાન અધિકારીઓ જ આપણી અસલી મૂડી છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સલામ કરે છે આ યુવા આઈપીએસ અધિકારીના જઝબાને અને આશા રાખે છે કે ગુજરાતનો દરેક યુવાન સફીનના જીવનમાંથી પ્રેરણા લઈ દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કરશે!

---

# કરોડોની વસ્તીમાં 2-5 વિદ્યાર્થીઓ મરે એમાં આટલો કકળાટ શાનો?

## જાણો, આધુનિક ભારતમાં પ્રશ્ન પૂછવો એ 'દેશદ્રોહ' અને તાળીઓ પાડવી એ જ સાચી 'દેશભક્તિ' કઈ રીતે બની ગઈ!

દેશમાં બધું જ 'પરફેક્ટ' ચાલી રહ્યું છે. રામરાજ્ય સાક્ષાત ધરતી પર ઉતરી આવ્યું છે. દેશમાં હવે ભ્રષ્ટાચાર જેવો કોઈ શબ્દ જ બચ્યો નથી, બેરોજગારી અને મોંઘવારી તો કદાચ ભૂતકાળની વાતો થઈ ગઈ છે. રસ્તાઓ એટલા જોરદાર છે કે યુરોપ પણ શરમાઈ જાય. આરોગ્ય વ્યવસ્થામાં આપણો ડંકો આખી દુનિયામાં વાગી રહ્યો છે અને વડાપ્રધાન જે કહે, એ જ પ્રમાણે આખી દુનિયાના દેશો અને નેતાઓ પોતાનું ઘર ચલાવે છે! ચારેય તરફ માત્ર અને માત્ર વિકાસનો જબરદસ્ત વેગ છે. છતાં, આ દેશમાં કેટલાક 'બુદ્ધિ વગરના' લોકો એવા છે જેઓ આવી સોનાની લંકા જેવા દેશમાં પણ ખોટા પ્રશ્નો ઉઠાવીને પરમ શાંતિ ભંગ કરી રહ્યા છે!

'સબ ચંગા સી': પ્રશ્ન પૂછનારો દરેક વ્યક્તિ જ ખોટો!

આપણી આ મહાન વ્યવસ્થામાં જો કંઈપણ ખોટું થાય, તો તેના માટે સરકાર તો ક્યારેય જવાબદાર હોઈ જ ન શકે. કારણ કે સરકાર તો પવિત્ર અને નિર્દોષ છે! આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓ જ ખોટા: જો NEET જેવી સામાન્ય ગણાતી પરીક્ષાના પેપરો વારંવાર ફૂટે, લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળાય અને હતાશામાં આવીને કેટલાક વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લે, તો ભૂલ એ વિદ્યાર્થીઓની જ છે. કદાચ તેઓ સરકારને બદનામ કરવા માટે જ આત્મહત્યા કરતા હશે! વિરોધીઓ જ પેપર ફોડે છે: જો પરીક્ષામાં ગેરરીતિ થાય તો તે વિપક્ષે જ કરાવી હશે. બેરોજગારીની વાત કરનારો દેશદ્રોહી છે, મોંઘવારીની બૂમો પાડનારાને અર્થશાસ્ત્ર જ નથી આવડતું અને હોસ્પિટલોની ખામી શોધનારાઓએ કદાચ પ્રાઈવેટ હોસ્પિટલોની ફાઈવ-સ્ટાર સુવિધાઓ જોઈ નથી! સોનમ વાંગચુકમાં પણ 'બુદ્ધિનો અભાવ' છે: લદ્દાખ સરહદે કડકડતી ઠંડીમાં ભૂખ હડતાળ પર બેઠેલા દેશના મહાન વિજ્ઞાની સોનમ વાંગચુક પણ સાવ બુદ્ધિ વગરના છે. દેશમાં આટલો વિકાસ થતો હોય ત્યારે આવી સામાન્ય બાબતો માટે ઉપવાસ પર બેસવાનું હોય ખરું? ધીરજના સાક્ષાત પ્રતીક: આપણા આદરણીય શિક્ષણ મંત્રી!

આ કપરા સમયમાં જો કોઈની પ્રશંસા કરવી ઘટે, તો તે આપણા દેશના શિક્ષણ મંત્રીની છે. તેઓ અદ્ભુત અને અજોડ ધીરજના પ્રતીક છે. શાંતિથી તમાશો જોવાની અદભુત કળા: દેશભરમાં કરોડો યુવાનો રસ્તા પર ઉતરીને ન્યાય માટે બૂમો પાડી રહ્યા હોય, પેપર લીકની ગંગા વહેતી હોય, છતાં તેઓ જરાય વિચલિત થયા વિના શાંત ચિત્તે બધું નિહાળે છે. મંત્રીની કોઈ જવાબદારી ખરી? અરે ભાઈ, પેપર લીક થાય એમાં બિચારા શિક્ષણ મંત્રીની શું ભૂલ? બધું જ્યારે સુપર-પરફેક્ટ ચાલી રહ્યું હોય, ત્યારે ખોટી ઉતાવળ કરવાની જરૂર જ શું છે? વિરોધીઓએ અને વિપક્ષે આવી શાંતિ જાળવતા આપણા મંત્રીશ્રી પાસેથી કંઈક શીખવું જોઈએ!




પાક્કો ગુજરાત
શુક્રવાર | 17 જુલાઈ 2026 | અમદાવાદ

### સરકારી આયુર્વેદ હોસ્પિટલ દેવગઢબારિયા ખાતે

# આંગણવાડી કાર્યકરોની સમીક્ષા અને માર્ગદર્શન બેઠક યોજાઈ



દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારીયા ઘટક-૨ ખાતે જિલ્લા પ્રોગ્રામ અધિકારી ડૉ. સુધીર જોશીના અધ્યક્ષસ્થાને ઘટકની કુલ ૧૩૯ આંગણવાડી કાર્યકર બહેનોની સમીક્ષા તથા માર્ગદર્શન બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન આંગણવાડી કેન્દ્રોની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા પ્રોગ્રામ અધિકારીએ આંગણવાડી કેન્દ્રો દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપતાં સગર્ભા અને ધાત્રી માતાઓ, ૦ થી ૬ વર્ષના બાળકો તથા કિશોરીઓને અપાતી પોષણ સેવાઓ, પૂરક પોષણ આહારનું મહત્વ, કુપોષણ નિવારણ, બાળકોનું નિયમિત વજન અને ઊંચાઈ માપન, વૃદ્ધિનું નિરીક્ષણ, AVT, સુપોષિત દાહોદ અભિયાન, તેમજ SAM અને MAM બાળકોની નિયમિત દેખરેખ અને અનુસરણ (Follow-up) અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ આરોગ્ય સંબંધિત સેવાઓના અસરકારક અમલીકરણ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન પ્રોગ્રામ અધિકારીએ આંગણવાડી કાર્યકર બહેનોને કિશોરીઓના સશક્તિકરણ માટે શાળા છોડેલી કિશોરીઓને પુનઃ શાળામાં પ્રવેશ અપાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જે આંગણવાડી કાર્યકર ત્રણ કિશોરીઓને પુનઃ શાળામાં પ્રવેશ અપાવશે, તેમને જિલ્લા કક્ષાએ સન્માનિત કરીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રો મારફતે આપવામાં આવતી વિવિધ યોજનાઓ અને લાભો સમયસર, પારદર્શક અને અસરકારક રીતે દરેક લાભાર્થી સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લા પ્રોગ્રામ અધિકારીએ કાર્યકર બહેનોને નિષ્ઠા, પ્રામાણિકતા, સમયપાલન, જવાબદારી અને સેવાભાવથી કામગીરી કરવા પ્રેરિત કર્યા હતા. પોતાના અનુભવો અને પ્રેરણાદાયી ઉદાહરણો દ્વારા તેમણે કાર્યકર બહેનોમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો તેમજ સરકારની તમામ યોજનાઓનો સંપૂર્ણ લાભ દરેક લાભાર્થી સુધી પહોંચાડવા અનુરોધ કર્યો.

હોમિયોપેથિક મેડિકલ ઓફિસર ડૉ. ભૂમિકાબેને પણ સર્વાંગી પોષણના મહત્વ પર ભાર મૂક્યો અને તેમને એનિમિયા (લોહીની ઉણપ)ની રોકથામ અંગે જાગૃત કર્યા. પૂર્ણા યોજનાના જિલ્લા કન્સલ્ટનસ હિરલ સોલંકીએ આ યોજના વિશે જાગૃતિ ફેલાવી હતી અને કિશોરીઓના ૧૦૦% નોંધણી માટે સૌને અનુરોધ કર્યો હતો. બેઠક દરમિયાન કામગીરીમાં આવતી વિવિધ મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને તેના વ્યવહારુ ઉકેલો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માનનીય જિલ્લા વિકાસ અધિકારી દ્વારા 'સુપોષિત દાહોદ' તથા 'રમશે દાહોદ, જમશે દાહોદ, ભણશે દાહોદ' પ્રોજેક્ટનો વધુમાં વધુ લાભ લાભાર્થીઓ સુધી પહોંચે અને યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે આંગણવાડી કાર્યકર બહેનોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકના અંતે સીડીપીઓ રાજેશ્વરીબેન બારીઆ, મુખ્ય સેવિકા, BNM, DISMU સ્ટાફ તેમજ તમામ આંગણવાડી કાર્યકર બહેનોએ નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### પાક્કો ગુજરાત દૈનિકના અહેવાલની ધારદાર અસર

## છોટાઉદેપુર સ્ટેટ હાઈવે-62ના બ્રિજ પરનો જીવલેણ ખાડો તંત્રએ તાત્કાલિક પૂર્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગુજરાતના લોકપ્રિય અને જનતાના અવાજ સમાન 'પાક્કો ગુજરાત દૈનિક' અખબારના ધારદાર અહેવાલની વધુ એક વખત જોરદાર અસર જોવા મળી છે. છોટાઉદેપુરના સ્ટેટ હાઈવે-62 પર આવેલા બ્રિજની બિસ્માર હાલત અને ત્યાં પડેલા જીવલેણ ખાડા અંગે ન્યૂઝ પ્રસિદ્ધ કરવામાં આવ્યા બાદ નિંદ્રાધીન તંત્ર આખરે જાગ્યું છે. અહેવાલના ગણતરીના કલાકોમાં જ સંબંધિત વિભાગ હરકતમાં આવ્યો હતો અને બ્રિજ પર તાત્કાલિક યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરીને ખાડો પૂરી દેવામાં આવ્યો છે.



અકસ્માતનું મોટું જોખમ ટળ્યું, વાહનચાલકોએ લીધો રાહતનો શ્વાસ

અત્રે ઉલ્લેખનીય છે કે, આ બ્રિજ પર લાંબા સમયથી મોટો અને જોખમી ખાડો પડ્યો હતો, જેમાં અંદરના લોખંડના સળિયા પણ બહાર આવી ગયા હતા. આ હાઈવે પરથી દરરોજ હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે, જેથી ગમે ત્યારે મોટી હોનારત સર્જાઈ શકે તેમ હતી. વાહનચાલકો સતત અકસ્માતના ભય નીચે જીવી રહ્યા હતા. 'પાક્કો ગુજરાત' દ્વારા આ લોકપ્રશ્નને વાચા આપ્યા બાદ તંત્રએ પ્રાથમિક ધોરણે લોખંડના સળિયા ઢાંકીને ખાડાનું પુરાણ કરી દેતા વાહનચાલકોએ મોટું જોખમ ટળ્યાનો હાશકારો અનુભવ્યો છે.

તંત્ર દ્વારા કરવામાં આવેલી આ ત્વરિત કામગીરીને સ્થાનિકોએ આવકારી છે, પરંતુ સાથે જ એક સૂર એવો પણ ઉઠ્યો છે કે આ માત્ર ચોમાસા પૂરતું કે ઉપરછલ્લું થીગડું સાબિત ન થવું જોઈએ. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોની માંગ છે કે હાઈવે ઓથોરિટી દ્વારા આ બ્રિજનું સંપૂર્ણ નિરીક્ષણ કરીને ભવિષ્યમાં ફરી આવી જોખમી સ્થિતિ ઊભી ન થાય તે માટે કાયમી, મજબૂત અને ગુણવત્તાસભર રિપેરિંગ કામ કરવામાં આવે.

લોકોના પ્રશ્નોને સચોટ રીતે વાચા આપીને તંત્ર પાસે કામ કરાવવા બદલ છોટાઉદેપુર પંથકની જનતા 'પાક્કો ગુજરાત'ની નીડર પત્રકારત્વની સરાહના કરી રહી છે.

### ભ્રષ્ટાચારની ચિતા પર તંત્રની લાપરવાહી!

## 30 લાખનું સ્મશાનગૃહ બન્યું ભૂતિયું બાંધકામ : ઝઘડિયાના મઢીમાં મોતનો મલાજો પણ જોખમાયો

ભરૂચ, રંગુની જાકીર

જીવતેજીવ તો સરકારી તંત્ર અને નેતાઓની હેરાનગતિ સહન કરવાની જ હોય છે, પણ હવે તો મરણ પછી પણ મુક્તિ મેળવવા માટે ભ્રષ્ટાચારની સિસ્ટમ સામે લડવું પડે તેવી સ્થિતિ ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં સર્જાઈ છે. ઝઘડિયાના મઢી ગામે નર્મદા કિનારે લાખો રૂપિયાના ધુમાડા કરીને બનાવવામાં આવેલું સ્મશાનગૃહ આજે તંત્રની ઘોર લાપરવાહી અને લાલિયાવાડીના કારણે ખુદ મૃત:પ્રાય હાલતમાં ફેરવાઈ ગયું છે. 30 લાખ રૂપિયા ખર્ચવા છતાં સ્થિતિ એવી છે કે ડાઘુઓને અંતિમ સંસ્કાર માટે



નર્મદા નદીના ખુલ્લા કિનારે નીચે બેસીને ચિતા અગ્નિદાહ આપવો પડી રહ્યો છે. ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા ખેડૂતોની જમીન સંપાદન કરીને આશરે 30 લાખ રૂપિયાથી વધુની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. હેતુ એવો હતો કે મઢી અને તેની આસપાસના લોકોને અંતિમ સંસ્કાર માટે સારી સુવિધા મળે. પરંતુ આ પ્રોજેક્ટની શરૂઆતથી જ ભ્રષ્ટાચારની બદબો આવતી હતી. મુખ્ય કોન્ટ્રાક્ટર કામ અધૂરું છોડીને રફુચક્કર થઈ ગયો. ત્યારબાદ પેટા કોન્ટ્રાક્ટરે જેમ-તેમ કરીને કામ પૂરું તો કર્યું, પણ હજુ સુધી આ સ્મશાનગૃહને આખરી ઓપ જ આપવામાં આવ્યો નથી. કરોડો રૂપિયાના ટેક્સના પૈસાથી બનેલી આ ઈમારત આજે જાળવણીના અભાવે જર્જરિત થઈને પડી ભાંગી છે. અત્યારે તો લોકો નર્મદા નદીના ખુલ્લા કિનારે અંતિમ સંસ્કાર કરી રહ્યા છે, પરંતુ અસલી આફત ચોમાસામાં આવે છે. જ્યારે નદીમાં પૂરની સ્થિતિ હોય અને ઉપરથી ધોધમાર વરસાદ વરસી રહ્યો હોય, ત્યારે સગા-વહાલાના મૃતદેહને અગ્નિદાહ ક્યાં આપવો? એ મોટો યક્ષ પ્રશ્ન સ્થાનિકોને સતાવી રહ્યો છે. આટલી ગંભીર સમસ્યા હોવા છતાં જાડી ચામડીના તંત્રની આંખ ઉઘડતી નથી.

## ભારત-યુકે ફ્રી ટ્રેડ ડીલનો ભરૂચને પ્રથમ લાભ મળ્યો : ઝઘડિયાથી યુકે માટે પ્રથમ નિકાસ જથ્થો રવાના

ભરૂચ, રંગુની જાકીર

ભારત અને યુનાઈટેડ કિંગડમ (યુકે) વચ્ચે થયેલી ફ્રી ટ્રેડ ડીલ (FTA)નો પ્રથમ લાભ ભરૂચ જિલ્લાને મળ્યો છે. ઝઘડિયા જીઆઈડીસી સ્થિત બ્રેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની ફ્લોમેટાલિક યુનિટમાંથી યુકે માટે પ્રથમ નિકાસ જથ્થો રવાના કરવામાં આવ્યો છે. આ નિકાસ ભરૂચના ઔદ્યોગિક ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ ઘટના છે.

બ્રેક્સ ઈન્ડિયા દ્વારા રેનોલ્ટ કંપની માટે તૈયાર કરાયેલા બ્રેકના કાસ્ટિંગ પાર્ટ્સનો કુલ 13,200 નંગનો જથ્થો યુકે મોકલવામાં આવ્યો છે. આ જથ્થાનું વજન 25,656 કિલોગ્રામ અને તેની અંદાજિત કિંમત 39,020 યુરો છે. આ નિકાસ જથ્થાને લીલી ઝંડી બતાવવાના કાર્યક્રમમાં ડીજીએફટીના વિકાસ કમિશનર



અનુપમ કુમાર, ભરૂચના સાંસદ મનસુખ વસાવા, સ્થાનિક આગેવાનો સેવંતુ વસાવા અને રવજી વસાવા સહિત કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નિકાસ ભરૂચના ઉદ્યોગોને વૈશ્વિક બજારમાં નવી ઓળખ અપાવવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે. ફ્રી ટ્રેડ ડીલ હેઠળ શુલ્કમાં મળનારી રાહતથી ગુજરાતના ઓટો કોમ્પોનન્ટ, એન્જિનિયરિંગ, કેમિકલ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને લાંબા ગાળે સીધો લાભ મળવાની સંભાવના છે.


## ભરૂચમાં ક્લાસ-વન અધિકારીના આપઘાત કેસમાં તપાસ તેજ: બેંક ખાતા અને લોનની વિગતોની પોલીસે ચકાસણી શરૂ કરી...

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરના આયોજન વિભાગમાં ફરજ બજાવતા પિયુષકુમાર ઉકાણીએ સોમવારે તેમના ભાડાના મકાનમાં આપઘાત કરી લીધો હતો. તેઓ છોટાઉદેપુરથી બઢતી સાથે ભરૂચમાં નિમણૂક પામ્યા હતા. આ ઘટનાથી તેમના પરિવાર અને પંથકમાં શોક છવાઈ ગયો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ પરથી એક ચિઠ્ઠી મળી આવી હતી, જેમાં નાણાકીય જવાબદારીઓ અને લોનના હપ્તાઓની ચિંતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પોલીસે આ દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસે મળેલી ચિઠ્ઠીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલી આપી છે. આ ઉપરાંત, મૃતકના બેંક ખાતાઓ, ક્રેડિટ



કાર્ડના વ્યવહારો અને અન્ય નાણાકીય બોજ સંબંધિત વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પરિવારજનોના નિવેદનો મળ્યા બાદ સમગ્ર ઘટનાક્રમ અંગે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી રામેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા એક યુવા સરકારી અધિકારીના કરુણ અવસાનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. જીવનના અનેક સપનાઓ અને જવાબદારીઓ વચ્ચે આર્થિક બોજ સામે ઝઝૂમતા અધિકારીએ અંતે જીવનયાત્રા સમાપ્ત કરી લેતા તેમના પરિવારજનો સહિત સહકર્મચારીઓમાં ભારે દુઃખની લાગણી વ્યાપી છે. મળતી માહિતી મુજબ, પિયુષભાઈ ઉકાણી એક મહિના અગાઉ જ બદલી થઈ આયોજન વિભાગમાં ક્લાસ-વન અધિકારી તરીકે ફરજ હાજર થયા હતા અને ઝાડેશ્વરની રામેશ્વર પાર્ક સોસાયટીમાં ભાડાના A-12 નંબરના મકાનમાં રહેતા હતા.આજે સવારે તેઓ ઘરે એકલા હતા ત્યારે તેમનું નિર્જીવ દેહ મળતા સોસાયટીમાં ચકચાર મચી જવા પામી હતી.

## રાંતિજના વદરાડ પાટિયા નજીકથી યુવકની રહસ્યમય હાલતમાં લાશ મળી: હત્યા, અકસ્માત કે જાનવરનો હુમલો?

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ પાટિયા નજીકથી એક યુવકની લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. યુવકનો મૃતદેહ અત્યંત વિચિત્ર અને શંકાસ્પદ હાલતમાં મળી આવતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકના માથાના ભાગે ગંભીર ઈજાના નિશાનો જોવા મળ્યા હતા. મૃતદેહની ગંભીર સ્થિતિને જોતા, તેના ચહેરા અને માથાના ભાગે કોઈ હિંસક જાનવરે હુમલો કર્યો હોવાની પણ મજબૂત આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ રહસ્ય પરથી પડદો ઉઠાવવા માટે પોલીસે વન વિભાગની પણ મદદ




લીધી છે, જેથી વન વિભાગના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચીને ઝીણવટભરી તપાસમાં જોડાયા છે. મળતી માહિતી મુજબ, મૃતક યુવક પ્રાંતિજ તાલુકાના લાલપુર ગામનો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક અંદાજ મુજબ, યુવક અમદાવાદથી પોતાની બાઈક લઈને લાલપુર ગામ તરફ પરત ફરી રહ્યો હતો, તે દરમિયાન જ વદરાડ પાટિયા નજીક તેની સાથે આ અઘટિત ઘટના ઘટી હતી.

### દફનવિધિના સ્થળે ભગવાન ગણેશજીનું મંદિર બનાવવાનો નિર્ણય

## લીમડી રથયાત્રા પહેલાં દુઃખદ ઘટના : 'લક્ષ્મી' નામના ગજરાજનું અગમ્ય કારણોસર મોત થયું

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના લીમડી ખાતે યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. રથયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બનનારા અને વિશેષ રીતે લાવવામાં આવેલા 'લક્ષ્મી' નામના ગજરાજનું ગુરુવારે વહેલી સવારે અગમ્ય કારણોસર મોત નિપજ્યું હતું. રથયાત્રામાં જોડાય તે પહેલાં જ ગજરાજના મૃત્યુના સમાચાર મળતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

માહિતી મુજબ, રથયાત્રામાં ગજરાજની ઉપસ્થિતિ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું અને 'લક્ષ્મી' નામના ગજરાજને લાવવામાં આવ્યો હતો. જોકે, રથયાત્રાની શરૂઆત પહેલાં જ અચાનક તેની તબિયત બગડતા તેનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ગજરાજના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી અને તેને અગમ્ય કારણોસર થયેલું મોત માનવામાં આવી રહ્યું છે.

આ દુઃખદ ઘટનાથી રથયાત્રાના આયોજકો, સેવકો



તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. રથયાત્રાના ઉત્સવ વચ્ચે સર્જાયેલી આ ઘટનાએ સૌને મર્માહત કરી દીધા હતા.

ગજરાજના મોત બાદ તેના સન્માનપૂર્વક અંતિમ સંસ્કારરૂપે દફનવિધિ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ જ્યાં ગજરાજની દફનવિધિ કરવામાં આવશે, તે સ્થળે તેની સ્મૃતિમાં ભગવાન શ્રી ગણેશજીનું મંદિર નિર્માણ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને ભાવિકોએ શ્રદ્ધાંજલિના રૂપમાં આવકાર્યો છે.

## દેવગઢ બારીયાની ઇરા સ્કૂલમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા ધામધૂમથી નીકળી: ભક્તિમય માહોલ

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

દેવગઢ બારીયા સ્થિત ઈરા સ્કૂલના પરિસરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા ખૂબ જ ધામધૂમપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે કાઢવામાં આવી હતી. અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે યોજાયેલી આ રથયાત્રાનું પ્રસ્થાન શાળાના ટ્રસ્ટી બાબા સાહેબના વરદ હસ્તે કરાવાયું હતું.

આ ભવ્ય રથયાત્રામાં પ્રિ-પ્રાયમરી વિભાગના નાના-નાના ભૂલકાઓ જોડાયા હતા. રથયાત્રા દરમિયાન ઈરા સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ લોબીમાંથી શિસ્તબદ્ધ રીતે ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા.

ભજન-કીર્તન, મ અને 'જય જગન્નાથ'ના ગગનભેદી નારાઓ સાથે સમગ્ર શાળા પરિસરનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આરતી બાદ રથયાત્રાના સમાપન પર શાળા તરફથી ઉપસ્થિત તમામ ભક્તો, સ્ટાફ અને વિદ્યાર્થીઓને પરંપરાગત પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઈડરમાંભગવાનજગન્નાથજીની 28મી રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

ઈડર, જાકીર મેમણ

માંભગવાનજગન્નાથજીની 28મીરથયાત્રાનુંપ્રસ્થાનનગરમાં ભ્રમણ, કોમી એકતાનું સ્વાગત અને પરંપરાગત મામેરુંઈડરમાં અષાઢી બીજના પાવન અવસરે ગુરુવારે ભગવાન જગન્નાથજીની ૨૮મી રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ઐતિહાસિક મોટા રામદ્વારા મંદિરથી વૈદિક મંત્રોચ્ચાર સાથે રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું,જેમાં હજારો હરિભક્તો જોડાયા હતા. આ પ્રસંગે ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ,નગરપાલિકા પ્રમુખ અનસૂયાબેન પટેલ તેમજ મોટા રામદ્વારા મંદિરના મહંત રામકૃપાલજી મહારાજ અને અન્ય સંતો-મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ભગવાનના રથને પ્રસ્થાન કરાવ્યું હતું. રથયાત્રા જ્યારે બપોરે કસ્બા વિસ્તારમાં પહોંચી ત્યારે લઘુમતી સમાજના આગેવાનો અને બિરાદરોએ



ભગવાનનું સ્વાગત કરી કોમી એકતાનો સુંદર સંદેશો આપ્યો હતો. ત્યારબાદ નગરપાલિકા ખાતે ચીફ ઓફિસર જૈમિન ચૌધરી અને સ્ટાફે રથયાત્રા વધાવી હતી, અને જલારામ મંદિર ખાતે મહાઆરતી યોજાઈ હતી. સત્યમ ચોકડી વિસ્તારના વેપારીઓ દ્વારા ભગવાનનું પરંપરાગત મામેરું ભરીને નવા વસ્ત્રો, દાગીના તેમજ રોકડ ભેટ અર્પણ કરાયા હતા. આ ઉપરાંત, રેલવે સ્ટેશન વિસ્તારમાં ભોજન-પ્રસાદનું આયોજન કરાયું હતું, જેમાં સવારથી યુવાનો સેવા કાર્યમાં જોડાયા હતા, અને સમગ્ર યાત્રા દરમિયાન દુર્ગા વાહીનીની દીકરીઓ દ્વારા કરવામાં આવેલા તલવારબાજીના કરતબો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મહાઆરતી બાદ રથયાત્રા મામલતદાર કચેરી, તિરંગા સર્કલ, મેઈન બજાર, ટાવર ચોક, ખરાદી બજાર અને પાંચ હટડીયા વિસ્તાર થઈને પોતાના નિજ મંદિર મોટા રામદ્વારા ખાતે પરત ફરી હતી.



### યુકેમાં બોયફ્રેન્ડ સાથે લગ્નની તૈયારીઓ

# 41 વર્ષની ઉંમરે ફરી દુલ્હન બનશે જેનિફર વિંગેટ, ફેન્સે પાઠવી શુભેચ્છા

મુંબઈ

ટેલિવિઝન અને OTTની જાણીતી અભિનેત્રી જેનિફર વિંગેટ પોતાની જિંદગીનું એક નવું પ્રકરણ શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. મીડિયા અહેવાલો અનુસાર, 'બેહદ' સિરિયલ ફેમ જેનિફર ખૂબ જ ટૂંક સમયમાં UKમાં તેના બોયફ્રેન્ડ વિલિયમ ઈશ્માએલ સાથે લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે. આ લગ્ન ગુરુવારે એક ખાનગી અને ખૂબ જ નાના સમારોહમાં યોજાશે. એક અહેવાલ મુજબ, આ લગ્નને સંપૂર્ણપણે સિક્રેટ રાખવામાં આવ્યા છે અને આ ખાસ પ્રસંગે માત્ર પરિવારના સભ્યો અને કેટલાક ખૂબ જ નજીકના મિત્રો જ હાજર રહેશે. જેનિફર અને વિલિયમના અફેરની ચર્ચાઓ લાંબા સમયથી મીડિયામાં ચાલી રહી હતી અને હવે બંને પોતાના સંબંધોને એક ડગલું આગળ લઈ જઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એક વ્હાઈટ વેડિંગ હશે, જેના માટે જેનિફરે ખાસ તૈયારી કરી છે. તે પોતાના લગ્નના આ ખાસ દિવસે 'કાર્લિયો' બ્રાન્ડનો ખૂબ જ સુંદર વ્હાઈટ બ્રાઈડલ ગાઉન પહેરશે. બંને પોતાના આ ખાસ દિવસને લાઈમલાઈટથી દૂર રાખીને યાદગાર બનાવવા માંગે છે. જેનિફર વિંગેટના ભૂતકાળના સંબંધો જેનિફર વિંગેટની પર્સનલ લાઈફ હંમેશા મીડિયા અને ચાહકો વચ્ચે ચર્ચાનો વિષય રહી છે. આ અગાઉ તેણે વર્ષ 2012માં પોતાની સુપરહિટ સિરિયલ 'દિલ મિલ ગયે'ના કો-સ્ટાર કરણ સિંહ ગ્રોવર સાથે લગ્ન કર્યા હતા. બંનેએ લાંબા સમય સુધી એકબીજાને ડેટ કર્યા બાદ લગ્નનો નિર્ણય લીધો હતો. જોકે, તેમનો આ સંબંધ વધુ સમય ટકી શક્યો નહીં. લગ્નના માત્ર 2 જ વર્ષમાં બંને વચ્ચે અંતર આવી ગયું અને વર્ષ 2014માં તેઓ કાયમ માટે અલગ થઈ ગયા. હવે તે ટૂંક જ સમયમાં પરિણિતિ ચોપરા સાથે 'તલાશ' નામના એક નવા ડિજિટલ પ્રોજેક્ટમાં જોવા મળશે. પણ હાલ તો ચર્ચા એના લગ્નની થઈ રહી છે. લંડનમાં લગ્ન બાદ તે ક્યાં રહેશે એ પણ હજું સ્પષ્ટ કર્યું નથી. મુંબઈ કે લંડન એ અંગે તે નિર્ણય કરીને બીજા પ્રોજેક્ટ શરૂ કરશે. તાજેતરમાં તેણે વિલિયમ સાથેનો એક ફોટો પણ શૅર કર્યો હતો. જેમાં તે ખૂબ ખુશ દેખાઈ રહી છે. હવે તે નવા પ્રોજેક્ટથી દર્શકોનું કેવું મનોરંજન કરે છે એના પર સૌની નજર રહેલી છે.

**ટીવી જગતની સ્ટાર એક્ટ્રેસ જેનિફર વિંગેટ વિલિયમ ઈશમાઈલ સાથે લગ્ન કરવાની છે**

# વિજયની 'જન નાયગન'ની રિલીઝ ડેટ જાહેર

## મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળ્યા બાદ અભિનેતા તરીકે થલાપતિ વિજયની આ છેલ્લી ફિલ્મ હોઈ શકે છે



મુંબઈ

દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર અને તમિલનાડુના મુખ્યમંત્રી થલાપતિ વિજયની નવી ફિલ્મ 'જન નાયગન' ની રિલીઝની રાહ જોઈ રહેલા લાખો ચાહકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર ફિલ્મના એક ખાસ પોસ્ટર સાથે રિલીઝ ડેટની સત્તાવાર જાહેરાત કરી છે. વિજયની આ ફિલ્મ હવે આગામી 23 જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. વિજયનો નવો લુક અને ફિલ્મની વિગતો ફિલ્મના નવા પોસ્ટરમાં થલાપતિ વિજયનો પોલીસ યુનિફોર્મ વાળો સ્ટાઈલિશ લુક ચાહકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. પોસ્ટરમાં વિજય પોલીસની પરંપરાગત બંદૂકને બદલે હાથમાં તલવાર પકડેલા જોવા મળે છે, જે ફિલ્મની વાર્તામાં કંઈક અલગ અને આકર્ષક હોવાનો સંકેત આપે છે. નોંધનીય છે કે, અગાઉ આ ફિલ્મ 9 જાન્યુઆરીના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ તમિલનાડુ વિધાનસભા ચૂંટણી અને સેન્સર બોર્ડની પ્રક્રિયામાં વિલંબને કારણે તેને મુલતવી રાખવામાં આવી હતી. 'જન નાયગન' એચ. વિનોથ દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી છે.

ફિલ્મમાં થલાપતિ વિજયની સાથે પૂજા હેગડે, બોબી દેઓલ અને મમિતા બૈજુ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા આ ફિલ્મને 'A' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે, જ્યારે તેનો કુલ સમયગાળો 3 કલાક અને 3 મિનિટનો છે. સિનેમા પ્રેમીઓમાં એવી ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે કે, મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળ્યા બાદ અભિનેતા તરીકે થલાપતિ વિજયની આ છેલ્લી ફિલ્મ હોઈ શકે છે.

# હવે દીપિકા પાદુકોણ સોનમ વાંગચુકના સમર્થનમાં ઉતરી

## સોશિયલ મીડિયા પર સ્ક્રીનશોટ વાયરલ, એક્ટ્રેસે થોડી જ મિનિટોમાં પોસ્ટ ડિલીટ કરી હોવાનો દાવો

મુંબઈ

સોનમ વાંગચુકની ભૂખ હડતાળ વચ્ચે સોશિયલ મીડિયા પર એક્ટ્રેસ દીપિકા પાદુકોણને લઈને એક દાવો વાયરલ થઈ રહ્યો છે. ઈન્ટરનેટ પર દીપિકાની કથિત ઈન્સ્ટાગ્રામ સ્ટોરીનો એક સ્ક્રીનશોટ શેર કરવામાં આવી રહ્યો છે. તેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે દીપિકાએ સોનમ વાંગચુકને સમર્થન આપ્યું અને દેશના નેતૃત્વ પર પ્રશ્નો ઉઠાવ્યા. યુઝર્સનું કહેવું છે કે, દીપિકાએ તેને પોસ્ટ કર્યાના થોડી જ મિનિટો પછી ડિલીટ કરી દીધું. વાયરલ સ્ક્રીનશોટમાં શું દાવો કરવામાં આવ્યો? બુધવારથી સોશિયલ મીડિયા પર એક સ્ક્રીનશોટ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તેમાં દેખાઈ રહ્યું છે કે દીપિકાએ સોનમ વાંગચુક સાથે સંબંધિત એક પોસ્ટને રી-શેર કરી છે. સ્ક્રીનશોટ મુજબ, પોસ્ટ પર લખેલું છે, 'તેઓ ઉપવાસ કરી રહ્યા છે અને આપણે સ્ક્રોલ કરી રહ્યા છીએ.' આ સાથે કથિત રીતે દીપિકાનું કેપ્શન પણ લખેલું છે, જેમાં લખ્યું છે, 'આ વિશે કોઈ વાત કેમ નથી કરી રહ્યું? આપણે લોકશાહીના સૌથી કાળા સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ. કોઈ નિષ્ફળ નેતાની પ્રશંસામાં ગમે તેટલી ફિલ્મો બનાવી લેવામાં આવે, હકીકત બદલાતી નથી.' તપાસમાં વાયરલ સ્ક્રીનશોટ નકલી નીકળ્યો સોશિયલ મીડિયા પર ચાલી રહેલી આ ચર્ચા વચ્ચે જ્યારે હકીકત જાણવામાં આવી, ત્યારે મામલો સંપૂર્ણપણે નકલી નીકળ્યો. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર દીપિકા પાદુકોણના વેરિફાઈડ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ અને તેમના સોશિયલ મીડિયા આર્કાઈવ રેકોર્ડ્સની તપાસ કરવામાં આવી. તેમાં આવી કોઈ પણ પોસ્ટ કે સ્ટોરીનો કોઈ પુરાવો મળ્યો નથી. ફેક્ટ ચેક મુજબ, વાયરલ થઈ રહેલો સ્ક્રીનશોટ સંપૂર્ણપણે ડિજિટલ રીતે એડિટ કરવામાં આવ્યો છે. દીપિકા તરફથી આવું કોઈ નિવેદન કે પોસ્ટ જારી કરવામાં આવી ન હતી. ઈન્ટરનેટ પર કરવામાં આવી રહેલો દાવો સંપૂર્ણપણે ખોટો છે. વાંગચુકના સમર્થનમાં આવ્યા ઘણા બોલિવૂડ સેલિબ્રિટીઝ જોકે, કોકરોચ જનતા પાર્ટી સાથે ચાલી રહેલા આ આંદોલનને હવે બોલિવૂડ સેલિબ્રિટીઝનું સમર્થન મળી રહ્યું છે.





# સલમાન ખાનનો નાનો ભાઈ થયો સેક્સ્યુઅલ હેરેસમેન્ટનો શિકાર

## લાઈવ શોમાં સોહેલ ખાનનો ખુલાસો, કહ્યું- 'ડરના કારણે વર્ષો સુધી મૌન રહ્યો'

મુંબઈ

બોલિવૂડ એક્ટર અને ફિલ્મ નિર્માતા સોહેલ ખાને પોતાના જીવનને લઈને એક અત્યંત ચોંકાવનારો અને દર્દનાક ખુલાસો કર્યો છે. હાલમાં જ રિયાલિટી શો 'અલાયન્સ'ના લેટેસ્ટ એપિસોડમાં સોહેલ ખાને જણાવ્યું કે બાળપણમાં તેને જાતીય શોષણનો સામનો કરવો પડ્યો હતો. આ આઘાતજનક અનુભવ વિશે તેણે ઘણા વર્ષો સુધી કોઈને કંઈ જ નહોતું કહ્યું.

પિતા સલીમ ખાનને વર્ષો પછી જણાવી આપવીતી

શોના એક સ્પર્ધક સાથે વાતચીત દરમિયાન સોહેલ ખાને પોતાના પાસ્ટના આ દર્દને શેર કરતા કહ્યું, "જ્યારે હું નાનો હતો, ત્યારે કોઈએ મારું જાતીય શોષણ કર્યું હતું. મેં ઘણા વર્ષો સુધી આ વાત કોઈને નહોતી કહી. જ્યારે હું મોટો થયો અને સમજણો થયો, ત્યારે આખરે મેં મારા પિતાને આ વિશે જણાવ્યું. મેં તેમને કહ્યું, 'ડેડી, મારી સાથે આવું થયું હતું.' ત્યારે પિતાએ મને પૂછ્યું, 'બેટા, તેં આટલા વર્ષો સુધી આ વાત તારા દિલમાં દબાવીને કેમ રાખી?' મેં કહ્યું, 'મને માફ કરજો, પણ મને આ વિશે વાત કરવામાં ખૂબ જ શરમ આવતી હતી.'" સોહેલે વધુમાં ઉમેર્યું કે, 'આમાં મારી કોઈ ભૂલ નહોતી, છતાં તે સમયે તમને એક પ્રકારની શરમ અનુભવાય છે. તેથી જ હું હંમેશાં મારા બાળકોને કહેતો રહું છું કે ગમે તે થાય, તમારી વાત હંમેશાં શેર કરો.' બાળકોને આપી સલાહ, રેગિંગ અને બુલિંગનો છે કડક વિરોધી. શોમાં સોહેલ ખાને આ દર્દ ત્યારે વ્યક્ત કર્યું જ્યારે તે રેગિંગ અને બુલિંગ વિરુદ્ધ પોતાનો કડક અભિપ્રાય આપી રહ્યો હતો. તેણે જણાવ્યું કે તેના આ કડવા ભૂતકાળના અનુભવે જ તેને પોતાના બંને પુત્રો - નિર્વાણ અને યોહાનને સાચું માર્ગદર્શન આપતા શીખવ્યું છે. તે હંમેશાં પોતાના પુત્રોને કહે છે કે જો કોઈ તેમને બુલી કે હેરાન કરતું હોય, તો આવીને પિતાને જણાવવામાં સહેજ પણ શરમાવું કે અચકાવું નહીં. આ જ રિયાલિટી શોમાં સોહેલ ખાને પોતાની પત્ની સીમા સજદેહ સાથેના છૂટાછેડા અંગે પણ ખુલીને વાત કરી હતી. તેણે સ્વીકાર્યું હતું કે, 'તે સમયે મારું કામ બરાબર નહોતું ચાલી રહ્યું, જેના કારણે મારી માનસિક સ્થિતિ સારી નહોતી. મારા એ પ્રકારના વર્તનને લીધે મેં એ વ્યક્તિને ગુમાવી દીધી જેને હું સાચા દિલથી પ્રેમ કરતો હતો.'

# 'રાગિની 3' ફ્લોર પર: તમન્ના ભાટિયાએ લંડનમાં શરૂ કર્યું શૂટિંગ

## શશાંક ઘોષના દિગ્દર્શનમાં બની રહેલી રાગિની 3 લોકપ્રિય ભારતીય હોરર ફ્રેન્ચાઇઝીને એક નવા અને રોમાંચક અધ્યાયમાં લઈ જશે

મુંબઈ

બાલાજી મોશન પિક્ચર્સે તેની આગામી ડેટ નાઈટ હોરર એન્ટરટેનર ફિલ્મ રાગિની 3નું શૂટિંગ શરૂ કરી દીધું છે. તમન્ના ભાટિયા અભિનીત આ ફિલ્મનું શૂટિંગ લંડનમાં શરૂ થયું છે અને ફિલ્મ 2027માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. શશાંક ઘોષના દિગ્દર્શનમાં બની રહેલી રાગિની 3 લોકપ્રિય ભારતીય હોરર ફ્રેન્ચાઈઝીને એક નવા અને રોમાંચક અધ્યાયમાં લઈ જશે. હોરર, રોમાન્સ અને અનેક અણધાર્યા વળાંકોનું અનોખું મિશ્રણ આ ફિલ્મને એક નવી ઓળખ આપશે, સાથે જ ફ્રેન્ચાઈઝીની ઓળખ બનેલો સસ્પેન્સ અને થ્રિલ પણ જાળવી રાખશે. તમન્ના ભાટિયાએ ફિલ્મના પહેલા શેડ્યૂલનું શૂટિંગ લંડનમાં શરૂ કર્યું છે. કમર્શિયલ ફિલ્મો અને મજબૂત પાત્રો વચ્ચે સરળતાથી સંતુલન જાળવવા માટે જાણીતી તમન્ના આ વખતે એક એવા પાત્રમાં જોવા મળશે, જે રહસ્યમય પણ છે અને સંપૂર્ણ રીતે અણધાર્યું પણ છે. તેથી જ રાગિની 3 તેમના સૌથી વધુ રાહ જોવાતા પ્રોજેક્ટ્સમાંની એક માનવામાં આવી રહી છે. ફિલ્મના નિર્માતાઓની પ્રથમ અને એકમાત્ર પસંદગી તમન્ના ભાટિયા જ હતા, કારણ કે તેમનું માનવું હતું કે હોરર, રોમાન્સ અને હાસ્યના આ અનોખા મિશ્રણને પડદા પર સૌથી સારી રીતે તેઓ જ રજૂ કરી શકે. એકતા કપૂરની બાલાજી મોશન પિક્ચર્સ, જે બાલાજી ટેલિફિલ્મ્સ લિમિટેડનો એક વિભાગ છે, તેના બેનર હેઠળ બની રહેલી રાગિની 3નું શૂટિંગ હાલમાં લંડનમાં ચાલી રહ્યું છે. ફિલ્મની બાકીની સ્ટારકાસ્ટ અને વાર્તા અંગેની વધુ માહિતી આગામી મહિનાઓમાં જાહેર કરવામાં આવશે.



## FIFA વર્લ્ડ કપ જીતવાનું ઈંગ્લેન્ડનું સપનું રોળાયું, હવે ફાઈનલમાં આર્જેન્ટિના સ્પેન સામે ટકરાશે

# 7 મિનિટમાં બાજી પલટી આર્જેન્ટિનાની ફાઈનલમાં એન્ટ્રી

મેક્સિકો સિટી



ફૂટબોલ ઈતિહાસની સૌથી મોટી પ્રતિદ્વંદ્વિતામાં આજે એક નવો સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં રમાયેલા ફિફા વર્લ્ડ કપ 2026ના બીજા સેમિફાઈનલ મુકાબલામાં લિયોનેલ મેસીની આગેવાની હેઠળના આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને 2-1 થી પરાજય આપી સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. મેચના પ્રથમ હાફમાં બંને ટીમો વચ્ચે ભારે તણાવ જોવા મળ્યો હતો અને ફાઉલના કારણે રમત વારંવાર અટકી હતી, જેના લીધે પ્રથમ હાફ 0-0 ની બરાબરી પર રહ્યો હતો.

ઈંગ્લેન્ડની લીડ અને આર્જેન્ટિના પર દબાણ બીજા હાફમાં મેચનો રોમાંચ ચરમસીમાએ પહોંચ્યો હતો. મેચની 55મી મિનિટે ઈંગ્લેન્ડના મોર્ગન રોજર્સના શાનદાર પાસ પર એન્થની ગોર્ડને ગોલ ફટકારીને ઈંગ્લેન્ડને 1-0 ની લીડ અપાવી દીધી હતી. આ ગોલ બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના પર ભારે દબાણ જોવા મળતું હતું અને સમય પસાર થવાની સાથે ઈંગ્લેન્ડની જીત પાકી લાગી રહી હતી. છેલ્લી 7 મિનિટમાં મેસીનો કરિશ્મા અને જીત જ્યારે આર્જેન્ટિનાના ફેન્સ આશા ગુમાવી રહ્યા હતા ત્યારે 39 વર્ષીય લિયોનેલ મેસીએ મેચની કમાન પોતાના હાથમાં લીધી હતી. 85મી મિનિટે મેસીના પાસ પર એન્ઝો ફર્નાન્ડીઝે ગોલ કરીને સ્કોર 1-1 ની બરાબરી પર લાવી દીધો હતો. ત્યારબાદ ઈન્જરી ટાઈમમાં મેસીએ વધુ એક સચોટ પાસ આપ્યો, જેને લાઉતારો માર્ટિનેઝે ગોલમાં ફેરવીને માત્ર 7 મિનિટમાં સ્કોર 2-1 કરી આર્જેન્ટિનાને રોમાંચક જીત અપાવી હતી. હવે ફાઈનલમાં આર્જેન્ટિનાનો સામનો સ્પેન સામે થશે. મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં રમાયેલા FIFA વર્લ્ડ કપ 2026ના બીજા સેમિફાઈનલમાં લિયોનેલ મેસીના આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને 2-1થી હરાવી સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. 55મી મિનિટે ઈંગ્લેન્ડના એન્થની ગોર્ડને ગોલ કરી લીડ અપાવી હતી. જોકે, મેસીના કરિશ્માથી 85મી મિનિટે એન્ઝો ફર્નાન્ડીઝે અને ઈન્જરી ટાઈમમાં લાઉતારો માર્ટિનેઝે ગોલ ફટકારી રોમાંચક જીત અપાવી. હવે ફાઈનલમાં આર્જેન્ટિના સ્પેન સામે ટકરાશે. ફૂટબોલ ઈતિહાસની સૌથી મોટી પ્રતિદ્વંદ્વિતામાં આજે એક નવો સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં રમાયેલા ફિફા વર્લ્ડ કપ 2026ના બીજા સેમિફાઈનલ મુકાબલામાં લિયોનેલ મેસીની આગેવાની હેઠળના આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને 2-1 થી પરાજય આપી સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

### અંગ્રેજોને હાર ન પચી, મેદાન પર જ આર્જેન્ટિના સાથે કર્યો ટપલી દાવ

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ફિફા વર્લ્ડ કપ 2026ની રોમાંચક સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને 2-1થી હરાવીને સતત બીજી વખત અને ફૂટબોલ ઈતિહાસમાં કુલ સાતમી વખત ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. આ પહેલા ટીમ 1930, 1978, 1986, 1990, 2014 અને 2022માં ફાઈનલમાં પહોંચી હતી. જોકે, આ ઐતિહાસિક જીતના ઉત્સાહ વચ્ચે મેચ ખતમ થતાં જ સ્ટેડિયમ યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયું હતું. ઈંગ્લેન્ડના સ્ટાર ખેલાડી જુડ બેલિંગહામ અને આર્જેન્ટિનાના સબસ્ટિટ્યુટ ખેલાડી વચ્ચે મેદાન પર જ ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેમાં ઉશ્કેરાઈને બેલિંગહામે આર્જેન્ટિનાના ખેલાડીને ટપલી મારી. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. મેદાન પરની હિંસા સિવાય આ મેચ એક મોટા રાજકીય વિવાદનું કેન્દ્ર પણ બની છે. મેચ પૂરી થયા બાદ આર્જેન્ટિનાના સપોર્ટ સ્ટાફ અને ચાહકો દ્વારા સ્ટેડિયમમાં એક વિવાદાસ્પદ બેનર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેના પર લખ્યું હતું: 'Las Malvinas son Argentinas' (માલવિનાસ/ફોકલેન્ડ આર્જેન્ટિનાનું છે). આર્જેન્ટિના જેને 'માલવિનાસ' કહે છે, તેને બ્રિટન 'ફોકલેન્ડ આઈલેન્ડ' તરીકે ઓળખે છે, જેના પર 1982માં બંને દેશો વચ્ચે યુદ્ધ થયું હતું.

### મિચેલ અને ગિલ વચ્ચે નંબર-1 માટે કાંટાની ટક્કર

## ઈંગ્લેન્ડ સામે જીત સાથે જ શુભમન નંબર-1 તાજની બિલકુલ નજીક

મુંબઈ



બર્મિંગહામ ખાતે રમાયેલી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ વનડે મેચમાં ભારતીય ટીમે ભવ્ય વિજય મેળવીને 3 મેચની શ્રેણીમાં 1-0ની લીડ મેળવી લીધી છે.

આ મેચમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજોની વાપસી પર સૌની નજર હતી, પરંતુ ભારતીય કેપ્ટન શુભમન ગિલે પોતાની શાનદાર બેટિંગથી મુખ્ય આકર્ષણ જમાવ્યું હતું. મુશ્કેલ પરિસ્થિતિમાં માત્ર 75 બોલમાં 80 રનની કેપ્ટનશીપ ઈનિંગ્સ રમીને તેણે ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી, જોકે કમનસીબે તે રિટાયર્ડ હર્ટ થવાને કારણે સદી ચૂક્યો હતો. જોકે આ શાનદાર ઈનિંગ્સનો મોટો ફાયદો શુભમન ગિલને તાજેતરના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલા ODI બેટિંગ રેન્કિંગમાં મળ્યો છે.

જ્યાં તે વિશ્વનો નંબર-1 બેટ્સમેન બનવાની ખૂબ જ નજીક પહોંચી ગયો છે. મિચેલ અને ગિલ વચ્ચે નંબર-1 માટે કાંટાની ટક્કર

બુધવાર, 15 જુલાઈ 2026ના રોજ ICC દ્વારા જાહેર કરવામાં આવેલી તાજી વનડે બેટિંગ રેન્કિંગમાં શુભમન ગિલને 12 રેટિંગ પોઈન્ટ્સનો ફાયદો થયો છે. આ સાથે જ હવે તેના કુલ 803 પોઈન્ટ્સ થઈ ગયા છે. હાલમાં તે રેન્કિંગમાં બીજા સ્થાને યથાવત છે, પરંતુ પ્રથમ સ્થાને બિરાજમાન ન્યૂઝીલેન્ડના ડેરિલ મિચેલ અને ગિલ વચ્ચેનો તફાવત હવે ઘટીને માત્ર 11 પોઈન્ટ્સનો જ રહી ગયો છે.

## 51 છગ્ગા, 537 રન અને T20 ઈતિહાસનું સૌથી મોટું રન ચેઝ

### MLC 2026 એલિમિનેટરમાં વોશિંગ્ટન ફ્રીડમે MI ન્યુયોર્ક સામે ઐતિહાસિક જીત મેળવી

ઓકલેન્ડ




જો કોઈએ એવું કહ્યું હોત કે 20-20 ઓવરની એક મેચમાં 537 રન બનશે, 51 સિક્સર લાગશે, 3 સદી ફટકારાશે અને ટી20 ઈતિહાસનો સૌથી મોટો રન ચેઝ જોવા મળશે, તો કદાચ કોઈને વિશ્વાસ ન આવત. પરંતુ મેજર લીગ ક્રિકેટ (MLC) 2026 ના એલિમિનેટર-1માં આવો જ કરિશ્મા થયો છે. ઓકલેન્ડ (Oakland) ખાતે રમાયેલા આ ઐતિહાસિક મુકાબલાએ ટી20 ક્રિકેટની વ્યાખ્યા જ બદલી નાખી છે. વોશિંગ્ટન ફ્રીડમે અશક્યને શક્ય કરીને ટી20 ઈતિહાસનો સૌથી મોટો સફળ રન ચેઝ પોતાના નામે કરી લીધો છે.

નિકોલસ પૂરનનું તોફાન અને પોલાર્ડની 1000 સિક્સર

મેચમાં પ્રથમ બેટિંગ કરતા MI ન્યૂયોર્કે 20 ઓવરમાં 266/9 નો પહાડ જેવો સ્કોર ઉભો કર્યો હતો. નિકોલસ પૂરને માત્ર 31 બોલમાં સદી ફટકારીને MLC ઈતિહાસની સૌથી ફાસ્ટ સેન્ચુરી (106 રન) ઠોકી દીધી હતી. તેમની સાથે કેપ્ટન કીરોન પોલાર્ડે 25 બોલમાં 64 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી અને પોતાના ટી20 કરિયરમાં 1000 સિક્સર પૂરી કરવાનો વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો હતો. ક્વિન્ટન ડી કોકે પણ અર્ધસદી ફટકારી હતી. 13 ઓવરમાં MI ન્યૂયોર્કનો સ્કોર 211/3 હતો અને એવું લાગતું હતું કે સ્કોર 300 પાર જશે, પરંતુ રચિન રવીન્દ્રએ છેલ્લી ઓવરોમાં 4 વિકેટ ઝડપીને તેમને 266 રન પર રોકી દીધા હતા. 267 રનના ઐતિહાસિક લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વોશિંગ્ટન ફ્રીડમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. માત્ર 10 રનના સ્કોર પર શાકિબ અલ હસને તેમના બંને ઓપનર્સને પેવેલિયન ભેગા કરી દીધા હતા. આ પછી એન્ડ્રીસ ગોસ અને કેપ્ટન સ્ટીવ સ્મિથે મેદાન પર પગ મૂક્યો અને ઈતિહાસ લખી દીધો. બંનેએ ત્રીજી વિકેટ માટે માત્ર 89 બોલમાં 241 રનની ભાગીદારી કરી હતી, જે ટી20 ઈતિહાસની સંયુક્ત રીતે બીજી સૌથી મોટી પાર્ટનરશિપ છે. ગોસે 56 બોલમાં 132 રન બનાવ્યા, જ્યારે સ્ટીવ સ્મિથે 49 બોલમાં અણનમ 110 રન ફટકાર્યા હતા. બંનેએ 40-40 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી અને વોશિંગ્ટન ફ્રીડમને 18.4 ઓવરમાં જ 4 વિકેટ ગુમાવીને 270 રન બનાવી 6 વિકેટે ઐતિહાસિક જીત અપાવી દીધી હતી. પુરુષ ટી20 ક્રિકેટના ઈતિહાસમાં આ પ્રથમ એવી મેચ બની છે, જ્યાં એક જ મુકાબલામાં ત્રણ-ત્રણ બેટ્સમેનોએ સદી ફટકારી હોય છે. પંજાબ કિંગ્સનો વર્લ્ડ રેકોર્ડ તૂટ્યો.



### બધી ક્લાસની સીટો એકસાથે દેખાશે, ફાસ્ટર ચેકઆઉટ' ફીચર મળશે

# IRCTCની નવી ટિકિટ બુકિંગ વેબસાઈટ લોન્ચ

મુંબઈ

ભારતીય રેલવેની ઓનલાઈન ટિકિટ બુકિંગ વેબસાઈટ IRCTCનું નવું વર્ઝન લોન્ચ કરી દેવામાં આવ્યું છે. આ અપગ્રેડનો મુખ્ય હેતુ દરરોજ ટિકિટ બુક કરનારા લાખો મુસાફરોના અનુભવને સરળ અને ઝડપી બનાવવાનો છે. આ મોટા ફેરફારને સમજવા માટે આ ખાસ Q&A રિપોર્ટમાં પૂરા સમાચાર વાંચો: IRCTCની વેબસાઈટનું બીટા વર્ઝન 15 જુલાઈ 2026ના રોજ રાત્રે 9 વાગ્યાથી લાઈવ થઈ ગયું છે. ગયા મહિને જયપુરના માલવીય રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી સંસ્થાનની મુલાકાતે ગયેલા રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમિયાન જાહેરાત કરી હતી કે 15 જુલાઈ સુધીમાં IRCTCની નવી વેબસાઈટ લોન્ચ કરી દેવામાં આવશે. રેલવેએ મુસાફરોની સુવિધા માટે મુખ્યત્વે ચાર મોટા ટેકનિકલ સુધારા કર્યા છે:




સ્માર્ટ કેપ્ચા: હવે લોગિન કે બુકિંગ દરમિયાન હેરાન કરતા કેપ્ચા દેખાશે નહીં. સાથે જ, બિનજરૂરી પોપ-અપ, ચમકતા ગ્રાફિક્સ અને ધ્યાન ભટકાવતા એલિમેન્ટ્સ પણ નથી. સીટોની ઉપલબ્ધતા: હવે યુઝર્સને અલગ-અલગ ક્લાસ જેવા કે- સ્લીપર, થર્ડ એસી, સેકન્ડ એસી માટે વારંવાર સર્ચ કરવું પડશે નહીં. તમામ શ્રેણીઓમાં સીટોની ઉપલબ્ધતા એકસાથે સ્ક્રીન પર દેખાશે. ફાસ્ટ ચેકઆઉટ: IRCTCએ બુકિંગ માટે 'ફાસ્ટર ચેકઆઉટ' ફીચર રજૂ કર્યું છે. ટિકિટ બુક કરતી વખતે મુસાફરોને જેટલા સ્ટેપ્સમાંથી પસાર થવું પડતું હતું, તેની સંખ્યા ઘટાડી દેવામાં આવી છે. સ્ટેપ્સ ઓછા થવાથી બુકિંગની આખી પ્રક્રિયામાં લાગતો સમય ઘટી જશે. સરળ રિપીટ બુકિંગ: વારંવાર મુસાફરી કરતા મુસાફરો માટે 'ઈઝીઅર રિપીટ બુકિંગ'ની સુવિધા આપવામાં આવી છે.

### એડિટ ફીચરથી પોસ્ટ બેકડેટેડ કરવામાં આવી રહી છે

# ઈન્સ્ટાગ્રામ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈકનો ખેલ: હાઈકોર્ટ પહોંચ્યા બે ડિજિટલ ક્રિએટર્સ

**અજાણ્યા લોકો ફેસબુકના એડિટ ફીચરનો ઉપયોગ કરીને પોસ્ટની તારીખ બેકડેટેડ કરી દે છે અને પછી અસલી ક્રિએટર્સના કન્ટેન્ટ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈક મોકલી રહ્યા છે.**

મુંબઈ

ઈન્સ્ટાગ્રામ પર ઓરિજિનલ કન્ટેન્ટ બનાવનારા ક્રિએટર્સને નિશાન બનાવવા માટે મેટાના કોપીરાઈટ સિસ્ટમનો ખોટો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અજાણ્યા લોકો ફેસબુકના એડિટ ફીચરનો ઉપયોગ કરીને પોસ્ટની તારીખ બેકડેટેડ કરી દે છે અને પછી અસલી ક્રિએટર્સના કન્ટેન્ટ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈક મોકલી રહ્યા છે. આ રમત વિરુદ્ધ બે મોટા ડિજિટલ ક્રિએટર્સ પુષ્કર રાજ ઠાકુર અને નીરજ જોશીએ દિલ્હી હાઈકોર્ટમાં કોમર્શિયલ સૂટ ફાઈલ કર્યો છે. ક્રિએટર્સે કોર્ટમાં શું આરોપ લગાવ્યા? ફાઈનાન્સિયલ એજ્યુકેટર પુષ્કર રાજ ઠાકુર અને ડિજિટલ ક્રિએટર નીરજ જોશીએ અલગ-અલગ દાખલ કરેલી અરજીઓમાં ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનું કહેવું છે કે કેટલાક અજાણ્યા લોકો ઓરિજિનલ ક્રિએટર્સને પરેશાન કરવા અને તેમના એકાઉન્ટ બંધ કરાવવાની ધમકી આપવા માટે નકલી કોપીરાઈટ સ્ટ્રાઈકને



હથિયાર બનાવી રહ્યા છે. આ સિસ્ટમના કારણે તેમના ઓરિજિનલ કન્ટેન્ટને ડિલીટ કરવાનો અથવા તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને સસ્પેન્ડ/ડિલીટ કરવાનો ખતરો ઊભો થયો છે. મેટાના ઓટોમેટેડ સિસ્ટમ પર સવાલો ઉઠ્યા ક્રિએટર્સનો તર્ક છે કે મેટાનું ઓટોમેટેડ કોપીરાઈટ સિસ્ટમ કોઈપણ ઊંડાણપૂર્વકની તપાસ વિના કામ કરી રહ્યું છે. આ સિસ્ટમ વીડિયોના અસલી ક્રિએટર, મેટાડેટા, એડિટ હિસ્ટ્રી અથવા વાસ્તવિક પબ્લિશિંગ ક્રોનોલોજી (અપલોડ કરવાનો સાચો સમય) ની તપાસ કર્યા વિના જ સ્ટ્રાઈકની ફરિયાદો પર કાર્યવાહી કરે છે. પુષ્કર રાજ ઠાકુરે જણાવ્યું કે આ નકલી રમતને કારણે તેમના ડઝનબંધ વીડિયોને હટાવી દેવામાં આવ્યા, ડિસેબલ કરવામાં આવ્યા અથવા પ્રતિબંધિત કરવામાં આવ્યા. આશ્ચર્યની વાત એ છે કે મેટાએ ઠાકુરને પોતાના 'રાઈટ્સ મેનેજર' ટૂલનો એક્સેસ આપવાનો ઈનકાર કર્યો, જ્યારે છેતરપિંડી કરનારાઓ આ જ ટૂલનો ઉપયોગ કરીને તેમની વિરુદ્ધ સતત નકલી સ્ટ્રાઈક મોકલતા રહ્યા. નીરજ જોષીના કેસમાં કોર્ટનો આદેશ ડિજિટલ ક્રિએટર નીરજ જોષીના મામલામાં 9 જુલાઈના રોજ જસ્ટિસ જ્યોતિ સિંહની કોર્ટમાં સુનાવણી થઈ. કોર્ટે મેટાના તે નિવેદનને રેકોર્ડ કર્યું, જેમાં કંપનીએ કહ્યું કે જો જોષીનું એકાઉન્ટ હજુ સુધી કાયમી ધોરણે બંધ થયું નથી, તો તેઓ આ આરોપોની તપાસ કરશે.

### દેશમાં ફ્યુઅલની અછત રોકવા માટે નિર્ણય લેવાયો

# ડીઝલ-ATF પર એક્સપોર્ટ ડ્યુટી વધી, પેટ્રોલ પર ઘટી

મુંબઈ




કેન્દ્ર સરકારે ડીઝલ અને વિમાન ઈંધણ એટલે કે ATFના એક્સપોર્ટ પર લાગતી ડ્યુટીમાં વધારો કર્યો છે. જ્યારે બીજી તરફ પેટ્રોલના એક્સપોર્ટ પર લાગતા ટેક્સમાં ઘટાડો કર્યો છે. ડીઝલના એક્સપોર્ટ પર ડ્યુટી 8.50 થી વધારીને 15.50 પ્રતિ લિટર કરી દીધી છે. એટલે કે, તેમાં પ્રતિ લિટર 7 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ જ રીતે ATF એટલે કે વિમાનના ઈંધણ પર એક્સપોર્ટ ડ્યુટી 7.50 થી વધારીને 14.50 પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. જોકે, પેટ્રોલ નિકાસકારોને થોડી રાહત આપતા તેના પર લાગતી ડ્યુટીને 4 થી ઘટાડીને 2.50 પ્રતિ લિટર કરી છે. ઈંધણના આ નવા ભાવ 16 જુલાઈથી દેશભરમાં લાગુ થઈ ગયા છે. સરકારનું કહેવું છે કે ક્રૂડ ઓઈલના સંકટને જોતા દેશની અંદર પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની કોઈ કમી ન થાય, તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે જેથી કંપનીઓ ઘરેલું બજારને બદલે બહાર તેલ વેચવાનું પસંદ ન કરે. સરકાર દ્વારા દર 15 દિવસે ડ્યુટી એટલે કે ટેક્સની સમીક્ષા કરવામાં આવે છે. માર્ચમાં લાગ્યો હતો ટેક્સ નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે 27 માર્ચે સરકારે સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) અને રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ (RIC) ના રૂપમાં આ ડ્યુટી લેવી શરૂ કરી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઘરેલું બજારમાં ઈંધણની પર્યાપ્ત ઉપલબ્ધતા જાળવી રાખવાનો હતો. પશ્ચિમ એશિયા સંકટને કારણે વૈશ્વિક સ્તરે ઊભી થયેલી પરિસ્થિતિ વચ્ચે કંપનીઓ નફા માટે દેશની બહાર વધુ તેલ ન મોકલે, તેને રોકવા માટે આ ટેક્સ લગાવવામાં આવ્યો હતો. દર 15 દિવસે કિંમતો નક્કી થાય છે, છેલ્લી સમીક્ષા 1 જુલાઈએ થઈ હતી.

## ઈન્સ્ટાગ્રામ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈકનો ખેલ

- **નિફ્ટીમાં 26 પોઈન્ટનો વધારો રહ્યો, એનર્જી અને સિમેન્ટ સંબંધિત શેરોમાં વધુ ખરીદી**

મુંબઈ



શેરબજારમાં આજે એટલે કે 15 જુલાઈએ તેજી જોવા મળી. સેન્સેક્સ 130 પોઈન્ટ વધીને 77,185 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 26 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,079 પર બંધ થયો. એનર્જી અને સિમેન્ટ સંબંધિત શેરોમાં વધુ ખરીદી જોવા મળી. જ્યારે મેટલ અને IT શેરોમાં વધુ વેચવાલી રહી. ક્રૂડ ઓઈલ 1% વધીને 85 ડોલરને પાર નીકળ્યું ક્રૂડ ઓઈલની કિંમત આજે 1% વધીને ફરીથી 85 ડોલરને પાર પહોંચી ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કહ્યું હતું કે ઈરાન સાથે થયેલો કરાર હવે સમાપ્ત થઈ ગયો છે. ત્યારબાદથી ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી રહી છે. 2 કંપનીઓના IPOનો આજે બીજો દિવસ છે. આ IPO SBI ફંડ્સ મેનેજમેન્ટ અને આલ્પાઈન ટેક્સવર્લ્ડના છે. મ્યુચ્યુઅલ ફંડ કંપની SBI ફંડ્સ મેનેજમેન્ટ પ્રાઈમરી માર્કેટમાંથી 9,813 કરોડ રૂપિયા એકત્ર કરી રહી છે. તેનો ઈશ્યૂ પહેલા જ દિવસે 68% સબસ્ક્રાઈબ થઈ ગયો છે.

## AMCના ઈતિહાસમાં પ્રથમવાર સૌથી મોટી કાર્યવાહી

# ગરીબોના EWS આવાસ પર ગેરકાયદે કબ્જો જમાવનારા તત્વો સામે તંત્ર લાલઘૂમ!



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ગરીબોના હક પર ત્રાટકતા માફિયાઓ સામે અત્યાર સુધીની સૌથી મોટી અને ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કોર્પોરેશનના ઈતિહાસમાં કદાચ આ પ્રથમ ઘટના છે જ્યારે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે બનાવવામાં આવેલા સરકારી આવાસો પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવીને બેઠેલા ભૂમાફિયાઓ અને વચેટિયાઓ સામે તંત્રએ સીધો હથોડો વીંઝ્યો છે.

આ કડક કાર્યવાહીથી ગેરકાયદે પ્રવૃત્તિ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સરકાર દ્વારા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘરનું ઘર મળી રહે તે હેતુથી કરોડો રૂપિયાના ખર્ચે EWS આવાસોનું નિર્માણ કરવામાં આવે છે.

પરંતુ કેટલાક માથાભારે તત્વો અને વચેટિયાઓ આ આવાસોની ફાળવણીમાં ગેરરીતિ કરીને અથવા સીધો ગેરકાયદેસર કબ્જો જમાવીને બેસી જતા હોવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠી રહી હતી.

**પ્રથમવાર ઐતિહાસિક એક્શન:** અગાઉ માત્ર નોટિસો આપીને સંતોષ માનતું તંત્ર આ વખતે ફૂલ એક્શન મોડમાં જોવા મળ્યું છે. કબ્જો જમાવનારાઓને એકપણ તક આપ્યા વિના સીધી હાંકી કાઢવાની કામગીરી શરૂ કરાઈ છે.

**મિલકતો થશે સીલ:** ગેરકાયદેસર રીતે રહેતા લોકો પાસેથી મકાનો ખાલી કરાવીને તેને કોર્પોરેશન હસ્તક લઈને સીલ મારવાની કડક ઝુંબેશ હાથ ધરાઈ છે.

**પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી:** કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ભારે પોલીસ કાફલા અને સિક્યોરિટી સાથે રાખીને આ ડિમોલિશન અને કબ્જો મુક્ત કરવાની કામગીરીને અંજામ આપવામાં આવી રહ્યો છે.

### ■ સાચા લાભાર્થીઓને મળશે ન્યાય

કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઝુંબેશ માત્ર એક-બે દિવસ પૂરતી સીમિત નથી. અમદાવાદના અલગ-અલગ વિસ્તારોમાં જ્યાં પણ EWS આવાસમાં આવા ગેરકાયદે કબ્જા હશે તે તમામ ખાલી કરાવવામાં આવશે.

આ ઐતિહાસિક પગલાથી વચેટીયા પ્રથા નાબૂદ થશે અને જે ખરેખર ગરીબ અને લાયક લાભાર્થીઓ છે, જેઓ પોતાના ઘરની કલાકોથી રાહ જોઈ રહ્યા છે, તેમને પોતાનો હક મળી શકશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ સપાટાધારી અને સરાહનીય કામગીરીને પગલે પ્રમાણિક કરદાતાઓ અને સ્થાનિક નાગરિકોમાં ખુશીનો માહોલ છે. હવે જોવાનું એ રહેશે કે આગામી દિવસોમાં આ કાર્યવાહીના ભાગરૂપે કેટલા ગેરકાયદેસર કબ્જાઓ મુક્ત કરાવીને ગરીબોને ન્યાય અપાવવામાં આવે છે!

## વહીવટી નિર્ણય : ચેક રિટર્નના તમામ ખાનગી કેસ-ફરિયાદો હવે મેટ્રોપોલિટન કોર્ટમાં ટ્રાન્સફર કરાશે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ (ચેક રિટર્ન/બાઉન્સ) હેઠળ વધતા જતા કેસોના ભારણને ઘટાડવા અને ન્યાયિક પ્રક્રિયાને ઝડપી બનાવવા વહીવટી સ્તરે એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડી. એચ. ખંભાતી દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, 1 ઓગસ્ટ 2024 થી ખાનગી પક્ષકારો વચ્ચેના ચેક રિટર્નના તમામ કેસોને લાલદરવાજા સ્થિત વિશેષ કોર્ટોમાંથી ઘી કાંટા સ્થિત મેટ્રોપોલિટન કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

નવા આદેશ મુજબ, લાલદરવાજાના અપના બજાર ખાતે કાર્યરત ચેક રિટર્નની સ્પેશિયલ કોર્ટોમાં હવે માત્ર સંસ્થાકીય કેસોની જ સુનાવણી થશે. નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFC), નાણાકીય સંસ્થાઓ અથવા કાયદેસર



લોન આપતી સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલા કેસો જ આ સ્પેશિયલ કોર્ટમાં ચાલશે. જ્યારે બીજી તરફ, વેપારીઓ વચ્ચે માલના લેવડ-દેવડના ચેક, મિત્રતા કે ઓળખાણમાં હાથ ઉછીના આપેલા પૈસા પરત ન મળવા અંગેના તમામ ખાનગી કેસો હવે ઘી કાંટા સ્થિત રેગ્યુલર કોર્ટોમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ કેસોની ફાળવણી પોલીસ મથક વિસ્તાર મુજબ કરવામાં આવશે.

ગુજરાત બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન અનિલ સી. કેલ્લાના જણાવ્યા અનુસાર, કોર્ટમાં કેસોનું ભારણ ઘટાડવા વહીવટી દ્રષ્ટિએ આ મોટો ફેરફાર કરાયો છે.

## અમદાવાદમાં રથયાત્રાના મંગલ પ્રારંભે કેન્દ્રીય ગૃહમંત્રી કર્યા મહાપ્રભુના દર્શન

**મહાપ્રભુ જગન્નાથજી સમક્ષ શિશ નમાવીને ગૃહમંત્રીએ દેશ અને ગુજરાતની જનતા માટે શાંતિ, પ્રગતિ અને સુખ-સમૃદ્ધિની મંગલ કામના કરી હતી**

અમદાવાદ

અષાઢી દૂજના પાવન પર્વે દેશભરમાં રથયાત્રાનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે અમદાવાદના ઐતિહાસિક જગન્નાથ મંદિર ખાતે પરંપરાગત ભક્તિભાવ સાથે જગતનો નાથ નગરચર્યાએ નીકળ્યો છે. આ પાવન અવસરે દર વર્ષની પરંપરા અનુસાર દેશના ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના જમાલપુર સ્થિત શ્રી જગન્નાથ મંદિરે વહેલી સવારે યોજાયેલી ભવ્ય મંગલા આરતીમાં ઉપસ્થિત રહીને મહાપ્રભુના આશીર્વાદ મેળવ્યા હતા. ભક્તિ, આસ્થા અને અલૌકિક ઊર્જાથી સભર આ ક્ષણ ઉપસ્થિત સૌ કોઈ માટે અત્યંત વિશેષ અને હૃદયસ્પર્શી બની રહી હતી.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દર વર્ષે રથયાત્રાના આ પવિત્ર દિવસે અચૂકપણે ભગવાન જગન્નાથના શરણોમાં શીશ ઝુકાવવા પહોંચે છે. આજે વહેલી સવારે મંગલા આરતીના રૂડા અવસરે તેમણે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રજીની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-આરતી કરી હતી. મંગલા આરતીના દર્શન બાદ ગૃહમંત્રીએ ભાવવિભોર થઈને જણાવ્યું હતું કે, 'ભક્તિ અને આસ્થાથી ઓતપ્રોત આ ક્ષણ હંમેશા એક દિવ્ય અને વિશેષ અનુભૂતિ કરાવે છે.'

## વરૂણ વર્માએ ખોલાવેલા 49 મ્યૂલ એકાઉન્ટ્સમાં કરોડો હેરફેર થયાની શક્યતા

### વરૂણ વર્મા અમદાવાદમાં ચિરાગ ગોટી જેવી ધાક જમાવવા માંગતો હતો અને વેપારીઓને નગ્ન કરીને માર મારતો હતો

અમદાવાદ

બાપુનગરમાં રહેતા રવિ ઠાકોરની ફરિયાદને આધારે પોલીસે મ્યૂલ બેંક એકાઉન્ટ કૌભાંડના માસ્ટર માઈન્ડ વરૂણ વર્માના સાગરિતની ધરપકડ કરી હતી. જ્યારે વરૂણ વર્મા હાલ ફરાર છે. ત્યારે આ કેસની પ્રાથમિક તપાસમાં પોલીસને 49 જેટલા મ્યૂલ બેંક એકાઉન્ટની વિગતો મળી છે. આ મ્યૂલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને મહેન્દ્ર શાહ અને મેઘ શાહના કરોડો રૂપિયાની હેરફેર થવાની સાથે ચાઈનીઝ ગેંગના નાણાં પણ જમા કરાવીને વિદેશમાં મોકલાયાની શક્યતા છે. જેથી આ તમામ બેંક એકાઉન્ટ અંગે પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. જેમાં બેંક એકાઉન્ટ હોલ્ડર્સની પૂછપરછ કરવામાં આવશે. બીજી તરફ પોલીસને મળેલી માહિતી મુજબ વરૂણ વર્મા અમદાવાદમાં સુરતના કુખ્યાત ચિરાગ ગોટી જેવી ધાક ઊભી કરીને તેનું નેટવર્ક બનાવવા માંગતો હતો. જેથી તેણે મહેન્દ્ર શાહ અને મેઘ શાહના કહેવાથી કેટલાક વેપારીઓને ઉઠાવીને હવાલાના નાણાં પરત અપાવવાનું કામ શરૂ કર્યું હતું. વેપારીઓ પાસેથી નાણાં કઢાવવા માટે તે તેમને નગ્ન કરીને મારીને વીડિયો બનાવતો હતો.

પોલીસને પુરાવા રૂપે આ વીડિયો પણ મળ્યા છે. જે આ કેસ માટે મહત્વના પુરાવા છે. ઉલ્લેખનીય છે કે વરૂણ વર્માએ કામ કરવાની પેટર્ન ચિરાગ ગોટી જેવી બનાવી હતી. આ ઉપરાંત, વર્ષ 2023માં વરૂણ વર્માને તેની સાથે કામ કરતા એક ખાસ વ્યક્તિ સાથે ધંધામાં નાણાંકીય વ્યવહારને લઈને તકરાર થઈ હતી. જેના કારણે અનેક લોકોના નાણાં ફસાઈ જતા કોંગ્રેસના એક કોર્પોરેટરને ત્યાં ખાસ મીટિંગ થઈ હતી અને કલાકો બાદ સમાધાન થયું હતું.

## ભીડ વચ્ચે મહિલા બેભાન, લોકોએ દાખવી અનોખી માનવતા

# ધોળકામાં 'જય રણછોડ'ના નાદ સાથે 2 ભવ્ય રથયાત્રા નીકળી..!

### 564 પોલીસકર્મીઓની સુરક્ષા વચ્ચે યાત્રા શાંતિપૂર્ણ સંપન્ન થઈ

અમદાવાદ

અષાઢી બીજના પવિત્ર પર્વે ધોળકામાં કાળિયા ઠાકરની ભવ્ય રથયાત્રા યોજાઈ હતી, જેને પગલે સમગ્ર પંથક 'જય રણછોડ, માખણચોર'ના નારાઓ સાથે ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયો છે. ધોળકામાં આજે એકસાથે 2 ભવ્ય રથયાત્રાઓનું પ્રસ્થાન થયું હતું, જેમાં ભક્તો ભારે ઉત્સાહથી જોડાયા હતા.

પ્રથમ રથયાત્રા ધોળકા શહેરના ચારશેરી સ્થિત કૃષ્ણ મંદિરથી પરંપરાગત રીતે નીકળી હતી. આ વર્ષે આ રથયાત્રાનું 75મું વર્ષ હોવાથી ભક્તોમાં અનોખો આનંદ જોવા મળ્યો હતો. બીજી રથયાત્રા કેલિયા વાસણા ગામે આવેલા ઐતિહાસિક રણછોડરાયના મંદિરથી પ્રસ્થાન પામી હતી. આ આયોજનનું આ 5મું વર્ષ



છે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના 3 ભવ્ય રથો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બંને રથયાત્રાઓના રૂટ પર સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક લોકો દ્વારા ચા, નાસ્તો, ઠંડું પાણી અને શરબત જેવી સેવાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

રથયાત્રા દરમિયાન ધોળકાના સરોડા રોડ પર એક સંવેદનશીલ ઘટના બની હતી. દર્શન માટે ઉમટેલી ભારે જનમેદની વચ્ચે એક મહિલા અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. જો કે, આ કટોકટીની પળોમાં ધોળકાવાસીઓએ અદ્ભુત માનવતા દાખવી હતી. હજારોની ભીડ હોવા છતાં, સ્થાનિક લોકોએ તાત્કાલિક એક થઈને એમ્બ્યુલન્સ માટે ગણતરીની મિનિટોમાં જ ગ્રીન કોરિડોર જેવો સરળ રસ્તો કરી આપ્યો હતો.

## કરંટ લાગવાનો ભય : CTM પાસે વરસાદી પાણીમાં વીજળીની 4 ડીપી ડૂબવાની સમસ્યા

અમદાવાદ

શહેરના સીટીએમ ચાર રસ્તા પાસે આવેલી એક સોસાયટીમાં વીજળીની 4 ડીપી વરસાદના પાણીમાં ડુબી જતી હોવાના લીધે કરંટ લાગવાનો અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવો ભય સ્થાનિકોને સતાવે છે. આ મામલે સ્થાનિકો દ્વારા વીજ કંપનીમાં અને ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓને રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ નિકાલ આવતો નથી. સીટીએમ ચાર રસ્તા નજીક આવેલી સિંહેશ્વરી કો.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં છેલ્લા 3 વર્ષથી ચોમાસામાં વીજળીની ડીપી પાણીમાં ગરકાવ થઈ જાય છે. આવી ચાર ડીપી પાણીમાં ડુબી જતાં હોવા છતાં તંત્ર દ્વારા તે ડુબે નહીં અથવા તેનું વાયરીંગ સહિતની કામગીરી વોટરપ્રુફ કરવાની દિશામાં કોઈ કામગીરી કરાતી ન હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. આ અંગે સોસાયટીના સેક્રેટરી મેહુલ ચૌહાણે જણાવ્યું હતું કે, સોસાયટીમાં વીજળીની ડીપીઓ વરસાદી પાણીમાં ડુબી જવાની સમસ્યા છે. જેમાં એક ડીપી તો સોસાયટીના કોમન પ્લોટમાં છે જ્યાં બાળકો રમતા હોય છે. આવી જગ્યાએ બાળકોને કરંટ લાગવાની શક્યતા છે.

આ ચારે ડીપીઓ વોટર પ્રુફ સહિતની કરીને જુની બદલીને નવી નાંખવામાં આવે તે માટે વીજકંપનીમાં રજૂઆત કરી છે. તેમ છતાં કોઈ કામગીરી કરાતી નથી. ઉપરાંત સ્થાનિક કોર્પોરેટર અને ધારાસભ્યને પણ રજૂઆત કરવા છતા સમસ્યા ઉકેલાતી નથી.

## અમદાવાદ એરપોર્ટ પર મહિલા મુસાફરના બુરખામાંથી રૂા. 34 લાખનું સોનુ ઝડપાયું

### SVPI પરથી તાજેતરમાં જ સોનું લઈને બે વ્યક્તિ નીકળી ગયા હતા. આ બંનેને અસલી પોલીસે અપહરણ કરીને લૂંટી લીધાં હોવાની ઘટનાએ ચકચાર મચાવી છે

અમદાવાદ

અમદાવાદ કસ્ટમ્સના 'એર ઈન્ટેલિજન્સ યુનિટ' (AIU)ના અધિકારીઓએ અબુ-ધાબીથી ફ્લાઈટ નંબર 3L111 દ્વારા આજે 16મી જુલાઈના રોજ અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આગમન કરનાર એક મહિલા મુસાફરને અટકાવી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ મુસાફરે કસ્ટમ ડ્યુટી (જકાત) ચૂકવવાનું ટાળવાના ઈરાદાથી પોતાના વસ્ત્રો (બુરખા)ની અંદર 24 કેરેટ સોનાના બે 'ટીટી બાર' (TT bars) છુપાવ્યા હતા, જેનું કુલ વજન 233 ગ્રામ હતું.જેની બજાર કિંમત 34,29,216 રૂપિયા થાય છે. આ સોનું કસ્ટમ્સ વિભાગ દ્વારા 'કસ્ટમ્સ એક્ટ, 1962'ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું છે. આ સોનું ક્યાંથી અને કોની



પાસેથી તેમજ કોને આપવાના હતા તે દિશામાં તપાસ હાથ ધરી છે.

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી તાજેતરમાં જ સોનું લઈને બે વ્યક્તિ નીકળી ગયા હતા. આ બંનેને અસલી પોલીસે અપહરણ કરીને લૂંટી લીધાં હોવાની ઘટનાએ ચકચાર મચાવી છે. કેમ કે કસ્ટમ્સના નાક નીચેથી આ બંને લોકો કેવી રીતે સોનું લઈને નીકળી ગયા તે મુદ્દે પ્રશ્નો ઊભાં થઈ રહ્યા છે છે. તેમાંય વળી લૂંટાયેલાં બંને મુસાફરોએ જો કે સોનું ખરીદી અંગેનું બિલ પાછળથી રજૂ કરીશું તેવું પોલીસને જણાવીને ફરિયાદ નોંધાવી છે. પરંતુ તે લોકોએ કસ્ટમ્સ સત્તાવાળાઓ સમક્ષ સોનુ લઈને આવ્યા અંગેની જાહેરાત કરી હતી કે નહીં તે તપાસનો વિષય છે. આ વિવાદ વચ્ચે આજે અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી અબુધાબીથી ફલાઈટમાં આવેલાં મુસાફર પાસેથી 34 લાખથી વધુ કિંમતના 24 કેરેટ સોનાના બાર કે જેનું વજન 233 ગ્રામનો જથ્થો પકડી પાડયો છે.

અમદાવાદ કસ્ટમ્સ તરફથી પેસેન્જર પ્રોફાઈલિંગ બનાવવામાં આવે છે. આ પ્રોફાઈલિંગમાં મુસાફર ક્યારે ક્યારે અને કેટલી વાર ફ્લાઈટમાં પ્રવાસ કર્યો તેની વિગતો તૈયાર કરી છે. વારંવાર અવરજવર કરનારાની પ્રોફાઈલીંગના આધારે તપાસ કરવામાં આવે છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI